ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૧૯ અંક: ૧ જાન્યુઆરી: ૨૦૧૭ સળંગ અંક : ૫૪૩

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

**Charutar Vidya Mandal**
**Vallabh Vidyanagar**








**શિક્ષણ ક્ષેત્રમાં પ્રશંસનીય કામગીરી બદલ સીવીએમનાં અધ્યક્ષ, ચરોતર રત્ન, શિક્ષણ મહર્ષિ ડૉ.સી.એલ. પટેલને વિશ્વ ગુજરાતી સમાજ પ્રેરિત પ્રતિષ્ઠિત શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. તસવીરમાં આ પ્રસંગે ડૉ.સી.એલ. પટેલનું શાલ ઓઢાડી સન્માન કરતા તથા એવોર્ડ અને પ્રશસ્તિપત્ર એનાયત કરતા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણી દૃશ્યમાન થાય છે.**



તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય

ગિરીશ ચૌધરી • અનિતા એ. સાળુંકે

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
આણંદ પ્રેસ, ગામડી- આણંદ

# વિ-વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
જાન્યુઆરી ૨૦૧૭
વર્ષ: ૧૯ અંક: ૧
સળંગ અંક: ૫૪૩

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ
૧૯૪૫


कर्मण्येवाऽधिकारस्ते


અધ્યક્ષ
ડૉ. સી.એલ. પટેલ

માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા  તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

**જાન્યુઆરી - ૨૦૧૭**

વર્ષ: ૧૯ અંક: ૧

સળંગ અંક: ૫૪૩

**ISSN 0976-9609-V Vidyanagar**


• • •

**बृहत्–सोम तथा साम्नाम् गायत्री छन्दसाम् अहम् ।**
**मासानां मार्गशीर्षोऽहम् ऋतुनां कुसुमाकरः ॥**

(શ્રીમદ્ ભગવદ્‌ગીતા- વિભૂતિ યોગ- ૧૦-૩૫)

''સામવેદે બૃહત્ સામ, ગાયત્રી મંત્ર છંદમાં;
માર્ગશીર્ષ હું માસોમાં, ઋતુઓમાં વસંત છું.''

(ગુજ. અનુવાદ: ડૉ. અશ્વિનભાઇ પટેલ)

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ**

**www.ecvm.net**

**પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**આ માસની વિચારકણિકા**

અમે ન રડીએ, પિતા મરણ આપનું પાવન, કલંકમય દૈન્યનું નિજ રડી રહ્યા જીવન.

**ઉમાશંકર જોશી.**

• • •


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ચારુતર વિદ્યામંડળ અને સામાજિક સરોકાર • ડૉ.સી.એલ.પટેલ / 3
॥ પ્રાથમ્ય ॥ સુખમય જીવન આપતી અષ્ટ શક્તિઓ • એસ.જી. પટેલ / 5
॥ આપણો વૈભવ અને વારસો (પદ્ય વિભાગ) ॥ • સુંદરમ્, મકરંદ દવે, રાજેન્દ્ર શાહ, હરીન્દ્ર દવે / 7
॥ આપણો વૈભવ અને વારસો (ગદ્ય વિભાગ) ॥ પારસમણિ • અંબાલાલ પુરાણી / 8
॥ નવાં કાવ્યો ॥ • નીરજ મહેતા, ભૂપેન્દ્ર રંજ, ભરત વિંઝુડા, પરાજિત ડાભી / 9
॥ પ્રાસંગિક ॥ વલ્લભવિદ્યાનગરથી ન્યૂ વલ્લભવિદ્યાનગરની વિદ્યાવિકાસયાત્રાના મશાલચી- ડૉ.સી.એલ. પટેલ • રમણભાઇ પી. પટેલ / 10
॥ વ્યાખ્યાન ॥ યુવાનો: સપનાના સોદાગર બનો • નરેશ વેદ / 13
॥ નવલિકા ॥ છાપરાં • ભૂષણ ઓઝા / 17
॥ લલિત નિબંધ ॥ કીડી: ઊંચાઇ અને... • ભગીરથ બ્રહ્મભટ્ટ / 19
॥ અભ્યાસ ॥ વૃદ્ધત્વ: વૈજ્ઞાનિક અભિગમ • ઇલા એમ. મેકવાન / 20
॥ અભ્યાસ ॥ યોગદર્શનમાં અષ્ટાંગ રાજયોગ • કે.વી. તાવિયાડ / 24
॥ આયુર્વેદ ॥ સ્થૂળતાનાં સામાન્ય કારણો અને પ્રતિબંધાત્મક ઉપાયો • સુલક્ષણા જયાભાયે, અભિષેક પાટલિયા/ 26
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ Remote Sensing Perspective and Indian Status • H.N. Kapse / 27
॥ વિદ્યાવૃત્ત ॥ / 8, 23,30

# ચારુતર વિદ્યામંડળ અને સામાજિક સરોકાર

ડૉ.સી.એલ. પટેલ

ચારુતર વિદ્યામંડળ તેની શૈક્ષણિક પ્રવૃત્તિ દ્વારા માત્ર ગુજરાતની જ નહિ, પરંતુ સમગ્ર દેશની ચિંતા રાખે છે. સને ૨૦૦૨માં જે ગોધરાકાંડનો અઘટિત પ્રસંગ બન્યો ત્યારે શ્રી રાજમોહન ગાંધીના વડપણ નીચે International Mission for Peaceના સભ્યોએ ચારુતર વિદ્યામંડળની મુલાકાત લીધી હતી. તેઓ એમની રીતે વ્યથા ઠાલવતા રહ્યા, અને હું સાંભળતો રહ્યો. તેઓની સાથે શ્રીનગર હાઈકોર્ટના એડવોકેટ શ્રી અલતાફ પણ હાજર હતા. તેમણે કહ્યું કે ગુજરાતમાં ભૂતકાળમાં પણ આવા ઘણા બનાવો બન્યા છે. જેમાં હજારો હિન્દુઓને નુકસાન થયું છે, અને એમને મોતને ઘાટ ઉતાર્યા છે. એના પ્રત્યુત્તરમાં મેં જણાવ્યું કે હવે જે ઘટના બની ચૂકી છે એમાં આપણે કોઈ ફેરફાર કરી શકીએ એમ નથી, પરંતુ હવે પછી આવી ઘટના ના બને તે માટે આપણે એવું વાતાવરણ ઊભું કરીએ. વિશેષમાં, હિન્દુ-મુસલમાન યુવકો એકબીજાના મિત્રો બને એવું વાતાવરણ બનાવીએ, તેથી યુવાનોના ઘડતર માટે એવા ત્રીસ વિદ્યાર્થીઓને (જેઓ આતંકવાદી પ્રવૃત્તિથી અનાથ થયા હોય) મફત શિક્ષણ અને મફત રહેવા-જમવાની વ્યવસ્થા સાથે તૈયાર કરવા એવો મેં નિર્ણય લીધો. શરૂઆતમાં ૨૫ વિદ્યાર્થી ભાઈઓ અને ૫ વિદ્યાર્થિની બહેનોને શિક્ષણની સગવડ આપી, જેને લીધે તેઓ એમની સાથે ભણતા બીજા વિદ્યાર્થીઓ સાથે એવા ઓત-પ્રોત થઈ ગયા કે હિન્દુ-મુસલમાન જુદા છે એવું કોઈ દિવસ ના લાગ્યું. અહીં તેઓએ અભ્યાસ પૂરો કરી પોતાની રીતે નોકરી-ધંધો કરતા થઈ ગયા.

એવી જ રીતે, કાશ્મીરના ડોડા જિલ્લાના એક ગામમાં ૧૯ હિન્દુ યુવકોને આતંકવાદીઓએ મશીનગનથી એક રૂમમાં રહેંસી નાખ્યા હતા. તેથી હું ડોડા ગયો, પણ મને બોર્ડર ઉપર રોકવામાં આવ્યો. બપોરે ૧૨-૦૦ વાગ્યા સુધી કલેક્ટરને વિનંતી કરી પણ મને મંજૂરી ના આપી. સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટે મને જણાવ્યું કે તમે પાછા જાઓ, અને જે માહિતી તમને જોઈએ છે તે હું તમને મોકલી આપીશ. તેઓએ જણાવ્યું કે કોઈ સિક્યૉરિટી સ્ટાફ નથી તેથી મંજૂરી ના આપી શકાય. ત્યારબાદ, મેં ત્યાંના ચાર્જમાં રહેલ મિલિટરી ઓફિસરનો સંપર્ક કરી ફોન કર્યો અને જણાવ્યું કે હું કોઈ પોલિટિશિયન નથી, પણ આતંકવાદથી અસર પામેલા બાળકોનાં શિક્ષણ માટે કંઈ કરવા માગું છું. ઓફિસરે જણાવ્યું કે ચોરી-છૂપીથી જઈ શકતા હો, તો જઈ શકો છો. મેં સામે જણાવ્યું કે તમે મને પકડશો નહિ તો હું જઈશ. એ રીતે ડોડા જિલ્લાના આ ગામમાં, જે ૭,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલું છે. ત્યાં ડાયાબિટીશનો દર્દી હોવા છતાં, હું ગયો. પહેલા ઘરમાં ૧૪ જણને મારી નાખેલા ત્યાં એક ડોશીમા બે વર્ષની અને છ વર્ષની બાળકીઓ સાથે બેઠાં હતાં. ૧૯ વ્યક્તિઓમાંથી એક ભાઈ પરણેલા નહોતા અને ૧૪ જણાને માર્યા તે વખતે એકને બચાવવા એની પત્ની વચ્ચે પડી અને બન્ને ઈજાગ્રસ્ત થયેલાં જેઓ દવાખાનામાં હતાં. બાકીની ૧૭ વિધવા બહેનોને મળ્યો અને એમના બાળકોની નોંધ કરી, જેમાં ૫૭ બાળકો અનાથ થયા હતા. મારે જેમને કોલેજનું શિક્ષણ આપવું હતું એ ઉંમરના બાળકો નહોતા. એટલે મિલિટરી ઓફિસરને વિનંતી કરી કે સરકારના ૧૭ના આંકડા સામે ખરેખર ૫૭ બાળકો અનાથ થયા હતા એવા બાળકોને મિલિટરી સ્કૂલમાં સગવડ થાય એવી વિનંતી કરી હું પરત આવ્યો.

અમોએ સને ૨૦૧૧માં અમારી એક સંસ્થા બી.એન્ડ બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દ્વારા 'જેલ સુધારણા અભિયાન' અંતર્ગત ગાંધી જયંતી નિમિત્તે તા. ૨-૧૦-૨૦૧૧ના રોજ બિલોદરા જેલ,નડિયાદ મુકામે વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રની સ્થાપના કરી, જેમાં એક અદ્યતન કોમ્પ્યુટર સેન્ટર પણ પ્રસ્થાપિત કર્યું. જેલમાં રહેલા બંદીવાનોને જેલની અંદર કૌશલ્યવર્ધક તાલીમ મળી રહે તથા જેલમાંથી મુક્ત થયા બાદ વ્યવસાય માટે જરૂરી સહાય વિવિધ યોજનાઓ થકી મળી રહે યા વ્યવસાય ઉપર જોડાઈ શકે એવા હેતુથી આવા અભિયાનની શરૂઆત કરી. વિવિધ વ્યવસાયો જેવા કે વાયરમેન, કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી

ઓપરેટર, એકાઉન્ટીંગ ટેલી, બ્યુટિશિયન એન્ડ હેર કટિંગ, ફેશન ડિઝાઈનીંગ, સીરામીક પેઈન્ટીંગ વર્ક, ડી.ટી.પી. વિગેરેને તાલીમમાં આવરી લેવાયા.

બિલોદરા જેલમાં શરૂ કરાયેલ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રના પ્રયોગનો એક પ્રેરણારૂપ કિસ્સાનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે. મૂળ સૂરત જિલ્લાના જૂનાગામનાં ૩૭ વર્ષીય પાર્વતીબહેનને દારૂની હેરાફેરીના ગુના હેઠળ ઓગસ્ટ, ૨૦૧૧માં બિલોદરા જેલમાં લાવવામાં આવેલાં. પાર્વતીબહેને પોતાની કથનીમાં જણાવ્યું હતું કે... ''મારા નાની ઉંમરે લગ્ન થયા બાદ સાસરીમાં ગરીબાઈએ સંઘર્ષની શરૂઆત કરી હતી. મારો જુવાનજોધ દીકરો ૧૫ વર્ષની ઉંમરે બીમારીમાં મોતને ભેટ્યો. આ આઘાતમાંથી બહાર આવીએ તે પહેલાં નાના દીકરાને લિવરની બીમારી થતાં પરિવાર ઉપર જાણે આભ તૂટી પડ્યું. દીકરાની બીમારી અને પરિવારનું ભરણપોષણ કેવી રીતે કરવું તે ખૂબ મોટો પ્રશ્ન હતો, આવા સંજોગોમાં મજબૂરીમાં દારૂની હેરાફેરીનો ધંધો કરવો પડ્યો અને અંતે પોલીસે પાસા હેઠળ ધરપકડ કરી બિલોદરા જેલમાં મોકલી આપેલી. પંરતુ બિલોદરા જેલમાં આવ્યા બાદ જીવનમાં એક નવો જ વળાંક આવ્યો. બિલોદરા જેલમાં ચારુતર વિદ્યામંડળ દ્વારા વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે, જેમાં મેં બ્યુટિશિયન એન્ડ હેર કટિંગની તાલીમ મેળવી. જેલવાસ પૂરો કર્યા બાદ આ તાલીમના પરિપાકરૂપે બ્યુટીપાર્લરનો વ્યવસાય શરૂ કર્યો અને હાલમાં જીવનનિર્વાહ માટે જરૂરી આવક મેળવી શકું છું. હવે ભૂતકાળ તરફ જોવું નથી અને મેં શીખેલા હુન્નરથી મહેનત કરીને સન્માનભેર જીવવું છે.''

બિલોદરા જેલમાં મળેલ સફળતા અને આવા અનેકવિધ જીવન પરિવર્તનના પ્રેરણાદાયક કિસ્સાઓથી પ્રેરિત થઇ ચારુતર વિદ્યામંડળ દ્વારા તારીખ ૧૦ એપ્રિલ ૨૦૧૨ના રોજ વડોદરા મધ્યસ્થ જેલમાં કોમ્પ્યુટરના શિક્ષણને લગતી વ્યવસાયલક્ષી તાલીમ આપવાના હેતુથી એક આધુનિક કોમ્પ્યુટર સૅન્ટરની સ્થાપના કરવામાં આવી. વડોદરા મધ્યસ્થ જેલમાં જેલનું પોતાનું પ્રિન્ટીંગ પ્રેસ હોય તે અંગે જરૂરી કોમ્પ્યુટર ડેટા એન્ટ્રી ઓપરેટર અને ડીટીપી વર્કની વ્યવસાયલક્ષી તાલીમ શરૂ કરવામાં આવી. તાલીમના ફળસ્વરૂપ કેદીઓ જેલવાસ દરમિયાન કામ કરીને જેલમાં હોવા છતાં પોતાના પરિવારને આર્થિક મદદ કરી રહ્યા છે. વડોદરા મધ્યસ્થ જેલમાં આજદિન સુધીમાં ૩૨૩ બંદીવાનો વ્યવસાયલક્ષી તાલીમ લઇ ચૂક્યા છે.

ચારુતર વિદ્યામંડળના આ જ અભિગમને આગળ વધારતાં તારીખ ૨૭ જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ લાજપોર મધ્યસ્થ જેલ, સુરત ખાતે વ્યવસાયલક્ષી તાલીમ અંતર્ગત આધુનિક કોમ્પ્યુટર સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં કુલ ૯૩૦ ભાઈઓ અને ૩૭૪ બહેનો વિવિધ પ્રકારની વ્યવસાયલક્ષી તાલીમ પૂર્ણ કરી ચૂક્યાં છે.

સને ૨૦૧૧માં 'વાયબ્રન્ટ ગુજરાત'માં અમોએ શિક્ષણની સંસ્થાઓ માટે રૂા. ૫૦૦ કરોડના પ્રોજેક્ટ તૈયાર કરીને સરકારમાં રજૂ કરેલા જેની મંજૂરી અને પ્રમાણપત્ર તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આપેલી. અમો અમારી તે વખતની સંસ્થાઓની બાજુની જમીનમાં નવી સંસ્થાઓ ઊભી કરવા માંગતા હતા, પરંતુ ત્યાં ધંધાદારી લોકોને એન.એ.ની મંજૂરી આપી મકાનો બાંધવાની મોકળાશ કરી આપી, જેની અમોએ રજૂઆત કરી તો અમને જવાબ મળ્યો કે જમીન જોઇતી હોય તો બજારભાવે ખરીદવી. સરકારશ્રીનું કમીટમેન્ટ હોવા છતાં આવી પરિસ્થિતિ ઊભી થઇ અને સરકારશ્રીના સહકારને અભાવે અમારે પ્રોજેક્ટ બંધ રાખવા પડ્યા.

ચારુતર વિદ્યામંડળે હરહંમેશ અગ્રેસરની ભૂમિકા ભજવી છે. અમારે ત્યાં એવા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો છે, જેવા કે માસ્ટર ઓફ ઈન્ડસ્ટ્રિયલ હાયજીન એન્ડ સેફ્ટી, માસ્ટર ઓફ વૅલ્યુએશન ઈન રીયલ એસ્ટેટ, પ્લાન્ટ એન્ડ મશીનરી, માસ્ટર ઓફ ઇ-બિઝનેસ, બી.ઇ. ઇન ઇન્ફોર્મેશન ટેક્નોલજી, મેકાટ્રોનિક્સ વિગેરે જે ભારતભરમાં પ્રથમવાર શરુ કરવામાં આવ્યા છે, જ્યારે બી.ઇ. ઇન ફુડ પ્રોસેસીંગ ટેક્નોલોજી, બીબીએ ઇન ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મેનેજમેન્ટ, હોસ્પિટાલિટી, ટૂરિઝમ એન્ડ ટ્રાવેલ જેવા અભ્યાસક્રમો ગુજરાત રાજ્યમાં પ્રથમવાર શરૂ કરવામાં આવ્યા છે. તા. ૦૧-૧૨-૨૦૧૬

# સુખમય જીવન આપતી અષ્ટ શક્તિઓ

**એસ.જી. પટેલ**

અર્વાચીન શિક્ષણ દિનપ્રતિ દિન ખર્ચાળ બની રહ્યું છે.તે સમાજ માટે એક ચિંતાનો વિષય બની ગયો છે. બાળમંદિરથી સ્નાતક થતા સુધીમાં વિદ્યાર્થીદીઠ અઢળક ખર્ચ કરવામાં આવે છે સ્નાતક થયા પછી પણ શું? એ દરેક યુવાન માટે અઘરી સમસ્યા બની છે. આવા વિપરીત કાળમાં શિક્ષણકાર્ય કરાવતી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનમાં કપરાં ચઢાણ છે. વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણ વ્યવસ્થા ગોઠવાય એ જમાનાની માંગ છે. આજકાલ વિદ્યાર્થીકેન્દ્રી શિક્ષણને બદલે વેપારકેન્દ્રી શિક્ષણ વ્યવસ્થા બની ગઇ છે. જૂના જમાનામાં શહેરો ઉપરાંત ગામડામાં પણ વિદ્યાર્થીના ભાવી વિકાસને ધ્યાનમાં રાખી સેવાભાવી લોકસમૂહોએ એકઠા થઇ કેળવણી મંડળો સ્થાપ્યા. આવા જ શુભ આશયથી ૭૦ વર્ષ પહેલાં સરદાર વલ્લભભાઇ પટેલની પ્રેરણાથી પૂ. ભાઇકાકા અને પૂ. ભીખાભાઇ સાહેબે જંગલમાં મંગલ કરવા માટે ધૂણી ધખાવી હતી. આજે ચારુતર વિદ્યામંડળની તોલે આવી શકે એવા ગુજરાતમાં કેળવણી મંડળો આંગળીના વેઢે ગણી શકાય એટલાં જ બચ્યાં છે. આ તબક્કે વર્તમાન મંડળો કેવા પ્રયત્નો કરે તો શિક્ષણ વિદ્યાર્થીના વ્યક્તિત્વને નિખાર આપે તેના વિશે કેટલાંક વિચારબિન્દુઓ મૂકું છું.

નૂતન વિશ્વના પ્રભાતે ઊભેલા આપણે સૌ જાણીએ છીએ કે જીવન જીવવું અત્યંત કઠિન છે. જીવનમાં કોઇ પ્રશ્નો કે સમસ્યાઓના સહેલાસટ ઉત્તરો સંભવ જ નથી. આ જાણ્યા પછી પણ આપણે જીવન સહેલાઇથી જીવી નાખવાની ઝંખના રાખીએ છીએ. જયારથી આપણા જીવનની શરૂઆત થઇ ત્યારથી પરમાત્માએ દરેકને સાત મહત્ત્વના મૂળભૂત  ગુણોની ભેટ આપેલી છે. તેમાં સુખ, શાંતિ, પ્રેમ, પવિત્રતા, જ્ઞાન, આનંદ અને શક્તિનો સમાવેશ થાય છે. આ બધા ગુણોમાં ક્યાંય કમી ન આવે તેની પુરતી કાળજી રાખવા છતાં સમયાંતરે તેમાં તરંગ સ્વભાવ પ્રમાણે વધઘટ થયા કરે છે. શું એવી કોઇ યોજના ખરી કે તેમાં વૃદ્ધિ થયા જ કરે અને માનવી સદા સંતુષ્ટતા પામી શકે? ઉપરોક્ત સાત ગુણો દ્વારા સતોપ્રધાનતા લાવવા માટે શક્તિનો વ્યવહારુ ઉપયોગ ખૂબ જરૂરી છે. વિજ્ઞાનમાં શક્તિ સંચયનો નિયમ જણાવે છે કે, ''વિશ્વમાં શક્તિનું સર્જન કે નાશ કરી શકાતો નથી, માત્ર તેનું એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતર કરી શકાય છે.'' ભૌતિક જગતમાં આપણે ઉષ્મા શક્તિ, વિદ્યુત શક્તિ,યાંત્રિક શક્તિ, ચૂંબકીય શક્તિ, ધ્વનિ શક્તિ, પ્રકાશ શક્તિ, અણુ શક્તિ, નાભીકીય શક્તિ.... વિગેરેનો સમાવેશ થાય છે, જેના વિશે વિજ્ઞાનક્ષેત્રે અનેક સંશોધનો થયાં, થઇ રહ્યાં છે અને થવાનાં છે. આ બધાં શક્તિના સ્વરૂપો નિર્જીવ પદાર્થો- દ્રવ્યો સાથે સંકળાયેલાં છે. તો સજીવો સાથે અને ખાસ તો માનવ સાથે જોડાયેલા શક્તિનાં સ્વરૂપો વિષે જાણકારી મેળવવી એટલી જ આવશ્યક છે. ચાલો, આપણે વિચારીએ કે માનવ સાથેના શક્તિના કેવાં સ્વરૂપો હોઇ શકે? આ બાબતમાં ચિંતન કરતાં સ્મૃતિ સતેજ થાય છે કે મનુષ્ય પાસે અષ્ટશક્તિઓનો ભંડાર છે, જે અમાપ છે. તેમાં,

૧. **નિર્ણય શક્તિ (ત્રાજવું)**:- જીવનમાં ડગલે અને પગલે નાનાં-મોટા નિર્ણયો કરવાની જરૂર પડે છે. વાહન ચલાવતાં લેવાતા નિર્ણયોમાં જો કોઇ ગાફેલ રહે તો કેવાં અકસ્માતો સર્જાતા હોય છે, એમ જીવનનૈયા ચલાવતાં સમયસૂચકતા કેળવી લેવાયેલ નિર્ણયો જીવનયાત્રાને સુખમય રીતે મંજિલ સુધી પહોંચવામાં સહાયભૂત થાય.

૨. **પરખ શક્તિ (દક્કાચ)**:- હીરા-માણેકના ધંધા સાથે જોડાયેલ ઝવેરીઓ ઝવેરાતની પરખ કરવા વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરે છે એમ માનવીને પણ ઘણા પ્રસંગે વ્યક્તિની કે સમયની પરખ કરવાની જરૂર પડે છે. જો તે સાચી રીતે પારખી શકે તો જ જે- તે હેતુ સાર્થક બને છે, નહિતર ફસાવાનો વારો આવે છે.

૩. **સહનશક્તિ (હથોડી+ એરણ)**:- મૂર્તિ- સર્જક નવી કૃતિનું સર્જન કરવા માટે પદાર્થને અનેક વિધિમાંથી પસાર કરે છે. કેટલાય હથોડીના ઘા સહન કરવા પડે ત્યારે શ્રેષ્ઠ સ્વરૂપ અપાય છે, એમ કોઇપણ સજીવના ઘડતર માટે અનેક પ્રકારની વિટંબણાઓ અને તાલીમમાંથી પસાર થવું પડે છે. જે સહન કરી શકે એ જ સમાજનું અને સ્વયંનુ નવસર્જન કરી શકે છે.

૪. **સહયોગ શક્તિ (બે હાથનું મિલન)**:- વિશ્વમાં

કોઈપણ વ્યક્તિ એકલા હાથે શ્રેષ્ઠ સર્જનાત્મક કાર્ય કરી શકતો નથી. દરેકને અન્યના સહયોગની આવશ્યકતા છે. જે સહયોગ લઈ શકે તેમજ આપી શકે એ જ જગજીત બની શકે છે.

૫. **સમાવવાની શક્તિ (સાગર):-** સંસારના અનેક પ્રવાહોનો આપણે અનુભવ કરીએ છીએ, એમાં સમાવવાને બદલે છલકાઈ જઈએ ત્યારે સામાજિક સમસ્યાઓનું નિર્માણ થાય છે, સામાજિક સ્વાસ્થ્ય ખોરવાય છે. આપણી સમાવવાની શક્તિ જ સમાજમાં સ્વસ્થ પ્રવાહોને પોષિત કરશે અને અવાંછિત દરેક પ્રવાહોને અટકાવશે.

૬. **સમેટવાની શક્તિ (બેગ-બિસ્રો):-** સમય પલટાયે મનુષ્યની ભૂમિકાઓ બદલાતી હોય છે અને Old order change the yielding place to new ના ન્યાયે નૂતન પ્રવાહોને મોકળાશ આપી, જાત સાથે અનુકૂલન કરી નવા પ્રવાહોનું દિલથી સ્વાગત કરવાની ક્ષમતાનો વિકાસ કરવો આવશ્યક છે.

૭. **સામનો કરવાની શક્તિ (છત્રી):-** પ્રકૃતિ અને મનુષ્ય હંમેશાં તેમના સ્વભાવ પ્રમાણે જ વર્તે- એ નિર્વિવાદ છે. એને કારણે કુદરતી આપદાઓ અને સમસ્યાઓ તો આવવાની જ. આવા પ્રાકૃતિક અને સામાજિક પ્રકારના વિકટ સંજોગો વચ્ચે પણ અચલ, અડોલ અને અનન્ય આત્મા બની રહેવાની કુશળતા જ સફળતાના શિખરો સર કરવા આવશ્યક છે. સ્થિર ચિત્તે સમસ્યાઓનો સામનો કરવાનો આંતરિક પુરુષાર્થ દરેક સમસ્યામાંથી પાર પડવાનો એકમાત્ર ઉપાય હસ્તગત કરવા જેવો છે.

૮. **સંકીર્ણ શક્તિ (કાચબો):-** આપણે એ જ છીએ જે આપણે વિચારીએ છીએ. સ્વવિકાસને સ્વશિક્ષણથી અને સ્વશિક્ષણને વિચારતાં શિખવાથી અલગ પાડી શકાય નહીં. માટે આપણે આપણું ધ્યાન બહિમુર્ખતાથી સંકેલીને અન્તર્મુખતા પ્રતિ વાળવાનો પ્રયોગ કરવો જરૂરી છે. આપણા આંતરિક વૈભવ પ્રતિ ધ્યાન આપતા આપણે એક એવા અદશ્ય અભેદ્ય કવચનું નિર્માણ કરીશું જેમાં આપણે સુરક્ષિત અનુભવ કરીશું. આજે એની તાતી આવશ્યકતા છે.

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન નં-(૦૨૬૯૨) ૨૩૭૧૦૮)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

### હાંકરી જા

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.

ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા,
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા,
સોનેરી સોણલું બતાડી તું જા. મારી૦

સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા. મારી૦

ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે
ફાવે ત્યાં એને હંકારી તું જા. મારી૦

**- સુંદરમ્**

### ભજન કરે તે જીતે

વજન કરે તે હારેરે મનવા !
ભજન કરે તે જીતે.
તુલસી-દલથી તોલ કરો તો
બને પવન-પરપોટો,
અને હિમાલય મૂકો હેમનો
તો મેરુથી મોટો :
આ ભારે હળવા હરિવરને
મૂલવવો શી રીતે !
રે મનવા, ભજન કરે તે જીતે.
એક ઘડી તને માંડ મળી છે
આ જીવતરને ઘાટે,
સાચ-ખોટનાં ખાતાં પાડી
એમાં તું નહીં ખાટે :
સ્હેલીશ તું સાગરમોજે કે
પડ્યો રહીશ પછીતે ?
રે મનવા, ભજન કરે તે જીતે.
આવ, હવે તારા ગજ મૂકી,
વજન મૂકીને વરવાં,
નવલખ તારા નીચે બેઠો
ક્યાં ત્રાજવડે તરવા ?
ચૌદ ભુવનનો સ્વામી આવે
ચપટી ધૂળની પ્રીતે.
રે મનવા, ભજન કરે તે જીતે.

**- મકરંદ દવે**

### ઝૂંક વાગી ગઈ

મને જરા ઝૂંક વાગી ગઈ.
માલતીની ફૂલ કોમળી તો યે ડૂંખ વાગી ગઈ.

થલમહીં મેં જલ ને વળી જલને થાનક વ્યોમ,
એક ઘડીમાં જોઈ લીધા મેં હજાર સૂરજ સોમ;
સોણલાંને દોર દુનિયા નવી ગૂંથવાતી ગઈ.

ડંખનું લાગે ઝેર તો હોયે ઝેરનું ઉતારનાર,
મીટ માંડી મેં ખેરવી લીધી નયનની જલઝાર;
મોહન એના મુખની એમાં ભૂખ જાગી ગઈ.
મને જરા ઝૂંક વાગી ગઈ.

**- રાજેન્દ્ર શાહ**

### માધવ ક્યાંય નથી મધુવનમાં

ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં :
માધવ ક્યાંય નથી મધુવનમાં.
કાલિન્દીના જલ પર ઝૂકી
પૂછે કંદબડાળી,
યાદ તને બેસી અહીં વેણુ
વાતા' તા વનમાળી ?
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાંઃ
માધવ ક્યાંય નથી મધુવનમાં.

કોઈ ન માગે દાણ
કોઈની આણ ન વાટે ફરતી,
હવે કોઈ લજ્જાથી હસતાં
રાવ કદી ક્યાં કરતી એ
નંદ કહે જશુમતીને, માતા લાલ ઝરે લોચનમાં :
માધવ ક્યાંય નથી મધુવનમાં.

શિર પર ગોરસમટુકી
મારી વાટ ન કેમે ખૂટી,
અબ લગ કંકર એક ન લાગ્યો
ગયાં ભાગ્ય મુજ ફૂટી;
કાળજ કહે આંખોને, આંખો વાત વહે અંસુઅનમાંઃ
માધવ ક્યાંય નથી મધુવનમાં.

**- હરીન્દ્ર દવે**

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

## પારસમણિ

**અંબાલાલ પુરાણી**

એક બાળકે મને કાગળ લખ્યો છે તેમાં એ પૂછે છે: ''પારસમણિ ખરેખર હોય છે ખરો?'' એના જવાબમાં મારે કબૂલ કરવું જોઇએ કે પારસમણિ મને જોવા મળ્યો નથી.

પણ એમ તો બધી વસ્તુઓ આપણે જાતે જોઇએ તો જ માનીએ, એવું ક્યાં હોય છે? ઘણાએ મુંબઇ જાતે નથી જોયું, પણ મુંબઇ છે એ વાત તો સાચી છે. વળી, આજે કોઇ વસ્તુ ન હોય, તો થોડો વખત પછી માણસ તે બનાવી પણ શકે છે. વિમાન પહેલાં ન હતું; આજે છે. એવું પારસમણિની બાબતમાં બને પણ ખરું.

પણ એ બાળકે બીજો સવાલ પૂછ્યો છે : ''કહે છે કે પારસમણિ જેને અડકે તે વસ્તુ સોનાની થઇ જાય; પણ લોઢાનું સોનું કોઇ દિવસે બને ખરું ?''

એનો જવાબ પણ આપું છું. બધાએ કોયલો તો જોયો છે. હવે એ કોયલો જમીનમાં ખૂબ ઊંડે દટાઇ જાય અને તેના ઉપર પાવાગઢ જેવો પર્વત પડે, તો શું થાય તે જાણો છો? એ કોયલાનો જ હીરો બની જાય !

પણ કોઇને થશે કે જમીનમાં દટાઇ ગયેલો કોલસો હીરો બની જાય છે તે કાંઇ આપણે જાતે, આપણી નજરે જોઇ શકતા નથી. તો એ મુશ્કેલીનો જવાબ ફ્રાંસ દેશના એક રસાયણશાસ્ત્રીએ આપ્યો છે. લાવોઝીર એનું નામ. એણે કોયલાની ભૂકી લઇને ખૂબ ગરમ ધાતુમાં નાખીને પછી એકદમ તેના ઉપર પેલા પર્વતના જેટલું ભારે દબાણ યંત્રો વડે કર્યું. પરિણામે નાની નાની હીરાની કણીઓ બંધાઇ ગઇ ! એટલે કોયલાનો હીરો બને છે, એ નક્કી થયું.

પથરા કે કોયલામાં સમૂળો ફેરફાર થઇ જઇ શકે છે, તેમ જીવતા પ્રાણીમાં પણ કેટલીક વાર એવો ફેરફાર થતો જોવામાં આવે છે. જમીન પર પેટ ઘસીને ચાલતી ઇયળની એક જાત એવી થાય છે કે એની આજુબાજુ માટીનું પડ કરીને અંદર તેને પૂરી રાખવામાં આવે છે. એ કેદખાનાની અંદર ને અંદર એનો વિકાસ થાય છે, અને ધીમે ધીમે એને પાંખો ફૂટે છે. ત્યાર પછી માટીના પડને તોડીને તે બહાર નીકળી ઊડી જાય છે; એ પતંગિયું બની જાય છે ! જમીન પર પેટ ઘસડતી ઇયળ, અને હવામાં છૂટથી ઊડતું પતંગિયું : એ બેમાં કેટલો ફેર છે! પણ ઇયળમાંથી પતંગિયું બની જાય છે.

જોકે ખરો પારસમણિ તો આપણા અંતરમાં રહેલો છે. આપણી પોતાની અંદર જ એવી કોઇક વસ્તુ રહેલી છે કે જેના સંબંધમાં આપણે આવીએ, તો આપણી જિંદગી બદલાઇ જાય; આપણે પોતે જેવા હોઇએ તે મટી જઇને જુદા જ બની જઇએ.

પોતાની અંદર રહેલો આ પારસમણિ ઘણાને હાથ લાગતો નથી. એમાંના કેટલાકને કોઇ ગુરુમાં કે મહાપુરુષમાં એ પારસમણિ મળી આવે છે. એવાનો પરસ થતાં આપણું જીવન બદલાઇ જાય છે.

અંબાલાલ પુરાણી

**('વાચનયાત્રાનો પ્રસાદ'માંથી સાભાર)**

॥ વિદ્યાવૃત્ત ॥

### એમ.યુ. પટેલ (ટેક્) હાઈસ્કૂલ, વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, એમ.યુ. પટેલ ટેક્નીકલ હાઇ.માં ઇન્ચાર્જ આચાર્યશ્રી અંબાલાલ સાહેબના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય બાળદિનની ઉજવણી નિમિત્તે શાળામાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ધોરણ-૯ના વિદ્યાર્થીઓની બહુવૈકલ્પિક પ્રશ્નોની એક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ધોરણ-૯ના ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ૧ થી ૩ નંબર મેળવનાર વિદ્યાર્થીઓના નામો નીચે મુજબ છે.

**પ્રથમ નંબરે બે વિદ્યાર્થીઓએ - ૪૮ ગુણ મેળવ્યા.**

૧. ૯-બ ગૌતમ કિશોરભાઇ કોરિયા

૨. ૯-બ વૈભવ સંજયભાઇ માછી

**દ્વિતીય નંબરે ચાર વિદ્યાર્થીઓએ - ૪૭ગુણ મેળવ્યા**

૧. ૯-અ- ધ્રુવિરાજસિંહ મનોહરસિંહ રાઠોડ

૨. ૯-અ- નિરજ ભૂપેન્દ્રભાઇ પ્રજાપતિ

૩. ૯-બ પવન બકુલભાઇ જેઠવા

૪. ૯-ડ તુષાર જિતેન્દ્રભાઇ પાલખાણિયા

**તૃતીય નંબરે- ત્રણ વિદ્યાર્થીઓ**

૧. ૯-અ ધ્રુવલ સંજયભાઇ પટેલ

૨. ૯-અ મહંમદઅર્ષ ઇમરાનભાઇ પઠાણ

૩. ૯-બ યોગેશ દિનેશભાઇ કોચરા

## અષાઢસ્ય પ્રથમ દિવસે...

**- નીરજ મહેતા**

અહીં ઊગ્યું છે ઘાસ આપમેળે
ફૂલઝાડ માગે છે માવજતો, માનપાન
ઘાસ ફક્ત ઝંખે આષાઢ
ખેંચી જુઓ તો ખ્યાલ આવે કે
જોડાયું ધરતીમાં કેટલું પ્રગાઢ
સૂરજ નીકળે ને જેમ અજવાળું થાય
ફરી વળતું ચોપાસ આપમેળે
અહીં ઊગ્યું છે ઘાસ આપમેળે...
મોતીની જેમ સમેટાઈને ઘાસ ઉપર
સૂતી દીઠી મેં પરોઢ
હળવેથી સ્પર્શું ત્યાં ફોરમ લીલેરી
સાવ આવી ઊભે છે મોઢામોઢ
ચાખું જરાક તોય એંઠી ન થાય
બની બેસે છે શ્વાસ આપમેળે
અહીં ઊગ્યું છે ઘાસ આપમેળે.

(૧૦૨, આશિયાના, ૨-વૈશાલીનગર, રૈયા રોડ, રાજકોટ-
૩૬૦૦૦૭ મોઃ ૯૬૬૨૦૪૧૪૯૮)

(૧)

## કવિતાનું કેરી જેવું છે

**- ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ'**

કવિતાનું
કેરી જેવું છે.
એ-
કાચી હોય તો
ખાટીય લાગે,
બહુ પાકી જાય તો
બેસ્વાદ થઈ જાય,
ઉતાવળે પકવતાં
અસ્સલ સ્વાદ
ગુમાઈ જાય
માવજત કરીને
પકવતાં
મીઠી લાગે.

પણ એ જો
ઝાડ પર પાકે તો
થઈ જાય
અમ્રતની કટોરીઓ !
પણ પાકતા પહેલાં
એને ઝાડ પરથી
કોઈ પાડી નાખે છે.

(C/o. મોહનલાલ બારોટ, ગ્રંથગોષ્ઠિ અને સર્વેશ્વર .
મહાત્મા ગાંધી ફાઉન્ડેશન, ૨૯, સુનિતા સોસાયટી,
અકોટા માર્ગ, વડોદરા- ૩૯૦૦૨૦)

## તને આપતો નહીં

**- ભરત વિંઝુડા**

હું મારી ઓળખાણ તને આપતો નહીં,
દુનિયામાં હું હતો ને ખરેખર હતો નહીં !

મારા સિવાય કોઈ બીજાને ખબર નથી,
લેતો હતો હું શ્વાસ અને જીવતો નહીં !

જે કંઈ વિચારતો તે લખાતું હતું ભીતર,
ભીતરની વાત કોઈ દિવસ બોલતો નહીં !

ચહેરા ઉકેલવાની મને ટેવ જો પડી,
કાગળ ઉપર લખેલું કદી વાંચતો નહીં !

આ મારું ઘર એ તારું અચાનક બની ગયું,
આવું છું રોજ જ્યાં હું પહેલાં જતો નહીં !

અજ્ઞાનતા છે એ જ અને જ્ઞાન એ જ છે,
હું જાણતો હતો એ બધું જાણતો નહીં !

(રામકૃપા, ખાદી કાર્યાલય પાસે, સાવરકુંડલા,
જિઃ અમરેલી, મો- ૯૪૨૬૪૫૬૯૩૪)

## મને

**- પરાજિત ડાભી**

પંડિતોનો ડર સતાવે છે મને,
એજ ભય સાચું લખાવે છે મને.

મારવા ઊભા થયા છે દોસ્તો,
દુશ્મનો કાયમ બચાવે છે મને.

સુખમાં ગમગીન રહેતો હોઉં છું,
આ બધા દુઃખો હસાવે છે મને.

એક અદનો છું અભણ હું આદમી,
સૌ કવિઓમાં ખપાવે છે મને.

કાંખઘોડી જેમનો આધાર છે,
એ હવે રસ્તો બતાવે છે મને.

(ઓમ નમઃ શિવાય સોસાયટી, પ્લોટ નં ૩૪-એ ગુરુકુળ
વિદ્યાલય પાસે, ફૂલસર, ભાવનગર- ૩૬૪૦૦૪
મોઃ ૯૮૨૪૯૦૩૯૦૩)

॥ પ્રાસંગિક ॥

## વલ્લભવિદ્યાનગરથી ન્યૂ વલ્લભવિદ્યાનગરની વિદ્યાવિકાસયાત્રાના મશાલચી-ડૉ.સી.એલ. પટેલ

**રમણભાઈ પી. પટેલ**

વલ્લભવિદ્યાનગરની તપોભૂમિ પર સરદાર પટેલના પ્રેરણાબળે સ્વ. ભાઇકાકા - ભીખાભાઇસાહેબ-એચ.એમ.પટેલની ત્રિપુટી દ્વારા પ્રજ્જવલિત થયેલી શિક્ષણજ્યોતને પ્રસ્તારિત કરનાર ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ-આધુનિક વિદ્યાઋષિ ડૉ.સી.એલ. પટેલને શિક્ષણ ક્ષેત્રના તેમના વિશિષ્ટ-પ્રશસ્ય પ્રદાન માટે વિશ્વ ગુજરાતી સમાજ તરફથી 'શ્રી કાનજીભાઇ દેસાઇ ગુજરાત પ્રતિભા એવોર્ડ' ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના વરદ્ હસ્તે, અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં, અમદાવાદ ખાતે યોજાયેલ એક સમારંભમાં અર્પણ કરી તાજેતરમાં સન્માનિત કરવામાં આવ્યા. ગુજરાતના વિદ્યાજગત માટે આ એક પ્રસન્નકર ગૌરવઘટના છે.

આ પ્રતિષ્ઠિત પ્રતિભા એવોર્ડ અંતર્ગત પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને રૂપિયા એક લાખની ધનરાશિ આ પ્રસંગે તેમને અર્પણ કરવામાં આવી. એવોર્ડનો ઋણભાવપૂર્વક સાભાર સ્વીકાર કરી, તે પૈકી રૂા. એકલાખની ધનરાશિને શિક્ષણયજ્ઞમાં પ્રયોજવા સંસ્થાને પરત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ''હું સરદાર પટેલ, ભાઇકાકા, ભીખાભાઇ અને ડૉ.એચ.એમ. પટેલ જેવા શિક્ષણ ક્ષેત્રના આદરણીય મહાપુરૂષોએ આરંભેલી વિદ્યાયાત્રાને અને તેમના યોગદાનના વારસાને પ્રામાણિકતાથી આગળ લઇ જવાનો નમ્રતાપૂર્વક પ્રયાસ કરી રહ્યો છું, જેમાં મને અનેકોનો સાથ-સહકાર સાંપડતો રહ્યો છે.''

ડૉ.સી.એલ. પટેલને તેમના બહુવિધ સેવાપ્રદાન માટે આ અગાઉ અનેક માન-સન્માન-એવોર્ડ-પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે, જેમ કે સ.પ.યુનિવર્સિટી તરફથી 'ડૉક્ટર ઓફ લેટર્સ' અને કૃષિ યુનિવર્સિટી તરફથી 'ડૉક્ટર ઓફ લીટરેચર'ની માનદ પદવી, અનુપમ મિશન તરફથી 'શાલિન માનવરત્ન', ગ્લોબલ ઈકોનોમિક કાઉન્સિલ (નવી દિલ્હી) તરફથી 'રાજીવ ગાંધી શિરોમણિ એવોર્ડ', રોટરી ક્લબ રાઉન્ડ ટાઉન ક્લબ તરફથી 'ચરોતરરત્ન', સીટીઝન્સ ઇન્ટીગ્રેશન પીસ સોસાયટી (નવી દિલ્હી) તરફથી 'રાષ્ટ્રીય રત્ન એવોર્ડ', સરદાર પટેલ ટ્રસ્ટ (દિલ્લી) તરફથી 'સરદાર પટેલ એવોર્ડ' અખિલ ભારત ગુજરાતી સમાજ તરફથી 'ગુર્જર રત્ન એવોર્ડ', ગુજરાત ઇનોવેશન સોસાયટી (અમદાવાદ) તરફથી 'ગુજરાત રત્ન ઍવોર્ડ' તેમજ ડૉ.સી.એલ. પટેલ અમૃત મહોત્સવ પ્રસંગે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા સન્માનપત્ર અર્પણ સહિત બહુમાન તેમજ 'દિવ્યભાસ્કર' દૈનિક અખબાર તરફથી પ્રગટ થયેલ એમીનન્ટ પર્સનાલીટી ધરાવતી ૧૦૦ વ્યક્તિવિશેષની યાદીમાં 'ધ પાવર (૨૦૦૮)' અને 'સુપર પાવર' (૨૦૧૧) તરીકે સમાવેશ થકી તેઓ સન્માનિત થયા છે.

આણંદ તાલુકાના ગામડી ગામે પ્રતિષ્ઠિત મધ્યમવર્ગીય ગરબડદાસ કૃષિ પરિવારમાં ૧૦ એપ્રિલ, ૧૯૩૫માં જન્મેલા, પિતા લલ્લુભાઇ અને જીબાબેન (ગંગાબેન)ના વિશાળ સંયુક્ત પરિવારમાં ઉછેર-સંસ્કાર-શિક્ષણ પામેલા સી.એલ. પટેલે પ્રાથમિક શિક્ષણ ગામડીમાં, માધ્યમિક શિક્ષણ ડી.એન. હાઇસ્કૂલ, આણંદમાં અને ઉચ્ચશિક્ષણ વલ્લભવિદ્યાનગરની બિરલા એન્જિનીયરીંગ કૉલેજમાંથી મેળવી મિકેનીકલ-ઇલેક્ટ્રીકલની ડિગ્રી હાંસલ કરી. એમના જીવનકાર્યના પ્રેરણાપુરુષ સરદાર પટેલ અને વિદ્યાગુરુ વિઠ્ઠલભાઇ સાહેબ છે, આધ્યાત્મિક ગુરુ પ.પૂ. પ્રમુખ સ્વામી છે.

અભ્યાસકાળ પૂર્ણ થતાં તેમણે ૧૯૬૧માં ગુજરાત વિદ્યુત બોર્ડમાં એક્ઝીક્યુટીવ એન્જિનીયર તરીકે વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ કર્યો. નોકરી દરમિયાન એક સિદ્ધાંતનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, પ્રામાણિક, ન્યાયી અને કડક અધિકારી તરીકે તેમણે આ વિભાગમાં છાપ ઉપસાવી. પરંતુ તત્કાલીન પરિસ્થિતિઓ-પદ્ધતિઓ- વાતાવરણ સાથે પોતાનાં જીવનમૂલ્યે સુસંગત ન થતાં આ સ્વમાની વિદ્યુત કર્મચારીએ નોકરીમાથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ વતનની મોટી ખેતી અને જાહેર સમાજસેવાના કાર્યોમાં જોડાયા. નોકરીને તિલાંજલિ આપવાના પગલાથી તેમના જીવનકાર્યને નવી જ દિશા-ગતિ સાથે વળાંક-વિકાસ સાંપડ્યાં, જે સમાજ અને વિદ્યાજગત માટે ઉપકારક નીવડ્યાં.

આ સમયકાળ દરમિયાન, વૈશ્વિકરણના પ્રભાવે સમસ્ત ભારતની સાથે ગુજરાત પણ ઔદ્યોગિકરણ તરફ આગળ વધી રહ્યું હતું. ફલતઃ અદ્યતન ટેક્નોલોજીથી

સુસજ્જ કુશળ કર્મચારીઓની માંગ વધતાં એ પ્રકારના ટેક્નીકલ અભ્યાસક્રમવાળી સંસ્થાનિર્માણની જરૂરિયાત ઊભી થઇ રહી હતી. એવા સમયમાં ચારુતર વિદ્યામંડળના સુકાની ડૉ.એચ.એમ. પટેલનું અણધાર્યું નિધન થતાં વહીવટીય શૂન્યાવકાશ સર્જાયું. ત્યારે ડૉ.સી.એલ. પટેલે પોતાના ગુરુ પ.પૂ.પ્રમુખ સ્વામીની આજ્ઞા અને આશિર્વાદથી આ પડકાર ઝીલી લઇ ઇ.સ. ૧૯૯૪માં ચારુતર વિદ્યામંડળનું સુકાન સંભાળ્યું. આમ તો, તેઓ ૧૯૮૯થી એચ.એમ. પટેલના સહકાર્યકર અને સીવીએમના સહમંત્રી તરીકે અસરકારક કામગીરી બજાવતા હતા જ.

વલ્લભ વિદ્યાનગરમાં આવીને તેમણે પ્રથમ કાર્ય વિદ્યાર્થીઓની હોસ્ટેલોમાં ફેલાયેલી કેફી દ્રવ્યો જેવાં વ્યસનોની બદી દૂર કરવાનું કડક હાથે કામ લીધું. યુવાધનને આડમાર્ગે જતા અટકાવી અભ્યાસામુખ બને એ પ્રકારની શિસ્ત અને આબોહવા સર્જી. એ સાથે શિક્ષણસંસ્થાઓના મકાનનું નવીનિકરણ કરી, ભૌતિક સુવિધા ઉપલબ્ધ કરી આપી. તેથી વિશેષ તો આ કેમ્પસ પર સ્વનિર્ભરતાના ધોરણે અધ્યતન ટેકનોલોજીવાળા નવનવીન અભ્યાસક્રમોની સંસ્થાઓ સ્થાપવાની ગુજરાતમાં પહેલ કરી, જે થકી ગુજરાતમાં સ્વનિર્ભર સંસ્થાઓ શરૂ કરવાની અનેકોને પ્રેરણા-પ્રોત્સાહન સાંપડ્યાં. હાલમાં તેઓ ગુજરાતની સ્વનિર્ભર કૉલેજોના એસોસિયેશનના પ્રમુખ તરીકે પણ ઉમદા કામગીરી નિભાવી રહ્યાં છે.

તેમની કામ કરવાની અને કામ લેવાની કુનેહ, કોઠાસૂઝ, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, પરિશ્રમશીલતા જેવા ગુણો કૌટુંબિક સંસ્કારોમાંથી સાંપડ્યા હતાં. તેમાં સ્વામિનારાયણ સંપ્રદાય પ્રત્યેની અપાર આસ્થા અને ગુરૂ પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેની અખૂટ શ્રદ્ધાભક્તિના પોષણબળે તેમના ધર્મસંસ્કારનું સિંચન થવા પામ્યું.

ચારુતર વિદ્યામંડળની વિદ્યાવિકાસયાત્રા વણથંભી આગળ વધતી રહે એ માટે તેમણે વિદ્યામંડળના પૂર્વજોની પરંપરા અને આદર્શને ભાવનાને કેન્દ્રમાં રાખ્યાં. અદ્યતન ટેકનોલોજીની સંસ્થાઓ સ્થાપવા માટે વિદ્યાનગરમાં જમીન મેળવવી મુશ્કેલ હતી, તેથી કરમસદ, મોગરી અને ગાનાની ત્રિભેટે-સરહદે લોકસહકારથી પ્રાથમિક તબક્કે ૧૦૦ એકર જમીન સંપાદિત કરી, ૨૦ એપ્રિલ-૨૦૦૦ના રોજ પૂ. મહંત સ્વામીના વરદ્હસ્તે નવા વિદ્યાધામ 'ન્યૂ વલ્લભ વિદ્યાનગર'નું ભૂમિપૂજન કરાયું. વિદ્યાનગરનો માહોલ જળવાઇ રહે એ ધ્યાનમાં લઇ, રસ્તા, પાણી, વાહનવ્યવહાર, વીજળી, બાગ-બગીચા, ક્રીડાંગણ, ભૌતિક સુવિધાયુક્ત અદ્યતન ઈમારતો, હોસ્ટેલો વગેરેનું નિર્માણ કરી, એ.ડી.આઇ.ટી., એરિબાસ, બિઝનેસ મેનેજમેન્ટ, ફાર્મસી, આયુર્વેદિક કૉલેજ અને હોસ્પિટલ, આઇ.ટી.સી.,સ્કૂલ ઑફ લૉ એન્ડ જસ્ટીસ, આર્કિટેક્ચર એન્ડ ઇન્ટીરીયર ડિઝાઇન, ગર્લ્સ એન્જિનીયરીંગ કૉલેજ, ઇસરી, વિગેરે શિક્ષણ-સંશોધનની સંસ્થાઓ ન્યૂ વલ્લભ વિદ્યાનગરમાં ક્રમશઃ સર્જન-સંવર્ધન પામી. આ ઉપરાંત વલ્લભ વિદ્યાનગર ખાતે એન.વી.પાસ, સૅમકોમ, વેમેડ, આઇસ્ટાર, સિકાર્ટ, ઇલસાસ, સેરલિપ, ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ વિગેરે શિક્ષણ-સંશોધનની નવી સંસ્થાઓ ક્રમશઃ સર્જન-સંવર્ધન પામી. ટૂંકમાં હાલમાં સીવીએમ સંચાલિત ૪૬ સંસ્થાઓ પૈકી ૨૪ જેટલી સંસ્થાઓ તો તેમના કાર્યકાળ દરમિયાન અસ્તિત્વમાં આવી.

સીવીએમ સંચાલિત કેટલીક સંસ્થાઓએ મેળવેલ વિશિષ્ટ વિદ્યાકીય સિદ્ધિ-ઉપલબ્ધિઓનું અત્રે સગૌરવ સ્મરણ થાય છે. વલ્લભવિદ્યાનગરની પ્રથમ કૉલેજ વી.પી. સાયન્સ કૉલેજ (૧૯૪૭)ને યુજીસી દ્વારા સતત બીજી વખત સીપીઈ પદ પ્રાપ્ત થતાં તેની વિશેષ યોગ્યતાને ધ્યાને લઇ રૂા. બે કરોડ ત્રીસ લાખની આર્થિક સહાય સાંપડી છે. ઉપરાંત, આ સંસ્થાને ગુજરાત સરકાર તરફથી ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ સાયન્સ કૉલેજ તરીકેનો દરજ્જો સતત ત્રણ વખત મળ્યો છે.

આઝાદીના ઉષાકાળે સ્થપાયેલી બિરલા એન્જિનીયરીંગ કૉલેજ (૧૯૪૮)ને ગુજરાત રાજ્યની પ્રથમ ઓટોનોમસ (સ્વાયત્ત) એન્જિનીયરીંગ કૉલેજ તરીકે માન્યતા મળી છે. આ સંસ્થાને ટેકનીકલ એજ્યુકેશન ક્વોલીટી ઇમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વર્લ્ડબેન્ક, ભારત અને ગુજરાત સરકારના ભંડોળમાંથી રૂા. ૧૦ કરોડનું ભંડોળ તબક્કાવાર પ્રાપ્ત થયું છે. હોમસાયન્સ કૉલેજને પણ યુ.જી.સીની રૂા. ૯૦ લાખની આર્થિક સહાય મળી છે. મહિલા શિક્ષણને પ્રાધાન્ય આપતી ગુજરાતની પ્રથમ મહિલા એન્જિનીયરીંગ કૉલેજ આ કેમ્પસ પર કાર્યરત છે.

યુજીસી 'નેક' દ્વારા સમયાંતરે સંસ્થાઓના થતાં

એક્રેડીટેશન અંતર્ગત મંડળની સાત જેટલી સંસ્થાઓને 'એ' ગ્રેડ હાંસલ કર્યાનું બહુમાન મળ્યું છે. ભારત અને ગુજરાતમાં બહુ ઓછી સંસ્થાઓને આવું ગૌરવ પ્રાપ્ત થતું હોય છે. ત્યારે આ વિદ્યાકીય સિદ્ધિ વિશેષ આનંદ-ગૌરવપ્રદ બની રહે છે.

વલ્લભવિદ્યાનગરથી ન્યૂ વલ્લભ વિદ્યાનગરની વણથંભી વિકાસયાત્રામાં દાતાઓ, સંસ્થા પરિવાર, શુભેચ્છકો વગેરેનો વિવિધ રીતે-રૂપે સહયોગ સાંપડ્યો છે. તેમાં વળી સી.એલ. પટેલે પ્રતિવર્ષે વિદેશપ્રવાસ ખેડી એન.આર.આઈ. કુટુંબો, મિત્રો, સ્થાનિક દાતાઓ દ્વારા માતબર દાન મેળવ્યું છે. ઉપરાંત, પોતે અને પોતાનાં સ્વજનોએ પણ તેમાં આર્થિક સહયોગ આપ્યો છે. સત્તાવીસ વર્ષના કાર્યકાળ દરમિયાન તેમણે દાતાઓ પાસેથી મેળવેલ માતબર દાન થકી વિવિધ સંસ્થાઓના નિર્માણ અર્થે રૂ. ૨૫૦ થી ૩૦૦ કરોડથી વધુ રકમ ખર્ચાવા પામી છે. ઉપરાંત ૫૦૦ કરોડના નવા પ્રોજેક્ટોની સંકલ્પના પૈકી ઘણા બધા પ્રોજેક્ટો હાલ કાર્યરત છે. એ રીતે દાતાઓ, લોકભાગીદારી અને સાથીઓ-શુભેચ્છકોના સહકારથી તેમણે આશરે દોઢસો એકરમાં વિસ્તરેલ ન્યૂ વલ્લભ વિદ્યાનગરમાં અદ્યતન ટેક્નોલોજીવાળી અનેક સંસ્થાઓના નિર્માણ દ્વારા એક વિશાળ એજ્યુકેશન હબ (વિદ્યાકીય વસાહત) આકારિત કરી છે.

વલ્લભ વિદ્યાનગર અને ન્યૂ વલ્લભ વિદ્યાનગરની છેંતાળીસ જેટલી વિદ્યાસંસ્થાઓના આ સંકુલમાં દેશ-વિદેશના તથા ગુજરાતના મળી ૩૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ-અધ્યાપકો-કર્મચારીઓ હાલમાં વિદ્યા પ્રવૃત્ત છે તેમાં જમ્મુકાશ્મીર, નાગાલેન્ડ, મિઝોરમના આતંકવાદથી અસર પામેલા વિદ્યાર્થીઓને શિક્ષણની સવલત અને શિષ્યવૃત્તિ નાત-જાતના ભેદભાવ સિવાય અપાય છે. ત્યારે, તેના સુચારુ સંચાલનમાં એમની નજર સમક્ષ આદ્યસ્થાપકો ભાઈકાકા-ભીખાભાઈ સાહેબનો તક્ષશિલા-નાલંદાની વિદ્યારીતિનો સેવાકીય આદર્શનો અને એચ.એમ. પટેલની ઓક્સફર્ડ-કેમ્બ્રીજ યુનિવર્સિટીની વિદેશીય શિક્ષણ પદ્ધતિ-દૃષ્ટિનો અર્થાત્ પરંપરા અને આધુનિકતાનો સંવાદી સમન્વય થયો છે.

અનેક મહાપુરુષોમાંથી પ્રેરણા પામી ડૉ.સી.એલ. પટેલે કટુંબ, વ્યવસાય, સમાજ, વહીવટ, કૃષિ આદિ ક્ષેત્રે કૌવત દાખવી ભાતીગળ વ્યક્તિત્વ ઉપસાવ્યું છે. પરંતુ એ પૈકી અનેક વિદ્યાસંસ્થાઓના સર્જન-સંચાલન-સંવર્ધન થકી આ વિસ્તારમાં એક વિશાળ 'એજ્યુકેશન હબ' ઊભું કરનાર દૃષ્ટિવંત સમર્થ શિક્ષણકાર-વિદ્યાપુરુષ તરીકે તેમનું વ્યક્તિત્ત્વ વિશેષ પ્રકાશિત થઈ ખ્યાતિ પામ્યું છે.ઉચ્ચશિક્ષણ હેતુપૂર્ણ-અર્થપૂર્ણ બનાવવા માટે તેમણે ન્યૂ વલ્લભ વિદ્યાનગરના નિર્માણ થકી અદ્યતન ટેક્નોલોજીની શિક્ષણ સંશોધનની સંસ્થાઓ સ્થાપી, ચરોતરના ગ્રામપ્રદેશમાં ઉચ્ચશિક્ષણને વૈશ્વિક સ્તરે લઈ જવાની દિશામાં મહત્ત્વનું કદમ માંડ્યું છે, અને એ થકી આ ગ્રામવિસ્તારમાં વૈશ્વિક સ્તરના શિક્ષણની સંકલ્પના સાકાર થઈ છે.

વિદ્યામંડળના પૂર્વસૂરિઓની પેરણા અને પ.પૂ. પ્રમુખસ્વામી પ્રત્યેની દૃઢ શ્રદ્ધાભક્તિ તથા તેમની કૃપાદૃષ્ટિ થકી સી.એલ. પટેલે કરેલા સંકલ્પો સાકાર કરી આ ભૂમિ પર પ્રસ્તારિત વિદ્યાજ્યોતને ગુજરાતથી માંડી દેશ-વિદેશ સુધી સંવર્ધિત-વિસ્તરિત કરી વિશેષ પ્રકાશિત બનાવી. શિક્ષણ-સંસ્કૃતિના સેતુ સમાન, વલ્લભ વિદ્યાનગરથી ન્યૂ વલ્લભ વિદ્યાનગરના વિદ્યાતીર્થના મશાલચી ડૉ.સી.એલ. પટેલનું 'વિશ્વ ગુર્જરી એવોર્ડ'થી આંતરરાષ્ટ્રીય બહુમાન તાજેતરમાં થયું છે. ત્યારે આ વિદ્યાજગત તેમને હાર્દિક અભિનંદન પાઠવતાં આનંદ-ગૌરવની લાગણી અનુભવે છે.

અંતમાં, પરમ પરમાત્મા તેમને શિક્ષણ-સમાજની સેવા કરવાનું બળ અને તંદુરસ્ત દીર્ઘાયુષ્ય અર્પે એવી આ પ્રસંગે મંગલ કામના છે. 'યાત્રા હજો તવ, શુભ ઊર્ધ્વગામી! અસ્તુ.

(માનદ્નિયામક, એ.આઈ.પી.એસ.,
શ્રી રામકૃષ્ણ સેવા મંડળ, આણંદ)

**ભુલસુધાર**

વર્ષ - ૧૭ અંક-૧૧ નવેમ્બર-૨૦૧૬, સળંગ અંક-૫૪૧માં રવિન્દ્રનાથ ટાગોર સંદર્ભે છપાયેલ પુસ્તક સમિક્ષામાં રીટાબેન પટેલ ઉપરાંત યુગ્મા શર્મા એમ બે લેખકોનો ફાળો હતો.

વર્ષ-૧૮ અંક-૧૨, ડિસેમ્બર-૨૦૧૬ સળંગ અંક ૫૪૨માં કવર પેજ ૪ પર છપાયેલ પંક્તિઓ કવિ સુંદરમ્ની છે.

# યુવાનો : સપનાના સોદાગરો બનો

**નરેશ વેદ**

(૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૬નાં રોજ વિઠ્ઠલભાઇ વ્યાખ્યાન માળા અંતર્ગત અપાયેલ વક્તવ્ય)

રાષ્ટ્રના ઘડતરમાં સરદાર વલ્લભભાઇ પટેલ અને વિઠ્ઠલભાઇ પટેલનું સ્થાન ચોક્કસપણે નિશ્ચિત થઇ ચૂકેલું છે. સરદાર પટેલ લઘુબંધુ હતા. વિઠ્ઠલભાઇ વડીલ બંધુ હતા. બંને ભાઇઓ વચ્ચે ખૂબ જ એખલાસ હતો. બેરિસ્ટર થવા માટે સરદાર પટેલ માટે થઇને જે પત્ર આવ્યો ત્યારે બંને ભાઇઓની ઇનિશિયલ સરખી હોવાને કારણે આ પત્ર ઉપર વિઠ્ઠલભાઇ બેરિસ્ટર થવા ઇંગ્લેન્ડ પહોંચી ગયા હતા. આ ઘટના સરદાર પટેલની તેમના માટેની લાગણી સૂચવે છે. બીજો પ્રસંગ છે કે જ્યારે વિઠ્ઠલભાઇએ જાહેરજીવનમાં કાર્ય કરવાની ઇચ્છા પ્રકટ કરી હતી, ત્યારે સરદારે તેમને આર્થિક રીતે નિશ્ચિત રહેવા જણાવી દીધું હતું અને કહ્યું હતું કે રાજકારણ થકી સમાજની સેવા કરવાનું આપે જે કામ હાથમાં લીધું છે તે આપ ખુશીથી કરો. બંને બંધુઓ વચ્ચે આટલો બધો એખલાસ હતો, પરંતુ પ્રકૃતિ ભિન્નતા બંને ભાઇઓ વચ્ચે જોવા મળતી હતી. સરદાર એટલે 'મેન ઓફ એક્શન' લોખંડી પુરુષ જેને કારણે ભારત સંગઠિત થઇ અખંડ બન્યું. જ્યારે વિઠ્ઠલભાઇ અંર્તમુખી પ્રકૃતિવાળા, સ્પષ્ટ વક્તા અને પ્રખર સ્વાભિમાની. આથી ઓછા જાણીતા થયા, પરંતુ રાષ્ટ્ર માટે તેમણે જે સેવાઓ આપી છે તે ખૂબ મોટી છે. તેમનો કેરિયર ગ્રાફ જોઇએ તો નાની વયે જ તેમણે બેઝિક લીડરની પરીક્ષા પાસ કરી, ૧૯૦૫માં બેરિસ્ટર બનવા ઇંગ્લેન્ડ ગયા અને ત્યારબાદ ખૂબ જ ટૂંકા ગાળામાં મહત્ત્વનાં પદો શોભાવ્યાં. ૧૯૧૫માં વિઠ્ઠલભાઇ કોંગ્રેસમાં જોડાયા, ૧૯૧૭માં રાષ્ટ્રીય પ્રચારક તરીકે મહત્ત્વની ઝુંબેશ શરૂ કરી. ૧૯૧૮માં તેઓએ બે ખૂબ મહત્ત્વનાં શિખરો સર કર્યાં, જેમાંનું એક પોલિટિકલ કોન્ફોરન્સનું પ્રમુખપદ અને બીજું ઇમ્પિરિયલ લેજીસ્લેટીવ કાઉન્સિલમાં ચૂંટાઇને આવવું તે. અંગ્રેજોની જ્યારે હુકૂમત હોય ત્યારે આ રીતે ચૂંટાઇને આવવું તે નાનીસૂની વાત નથી. ૧૯૧૯માં જોઇન્ટ પાર્લામેન્ટરી કમિટીના સભ્ય તરીકે 'મેમોરેન્ડમ ઓફ એવીડન્સીસ' એક્ટ પસાર કરાવવામાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકા તેમણે અદા કરી હતી.

૧૯૨૦માં મહારાષ્ટ્રના મુંબઇમાં મેયર તરીકે ચૂંટાયા. ગુજરાતના સપૂતની આ સિદ્ધિ કંઇ નાનીસૂની ન કહેવાય. ૧૯૨૬માં ઇમ્પિરિયલ લેજીસ્લેટીવ એસેમ્બલીના સ્પીકર બન્યા પછી ઘણાં ઉત્તમ ધોરણો તેમણે સ્થાપિત કર્યા. જેમાં પ્રોટોકોલ, એટીકેટ, બિહેવિયર વગેરેનો સમાવેશ કરી શકાય, તેમણે વિકસાવેલી આવી તંદુરસ્ત પ્રણાલી હાલમાં પણ એટલી જ પ્રાસંગિક છે. એક પરતંત્ર પ્રજાનો પ્રતિનિધિ લેજિસ્લેટીવ એસેમ્બલીનો સ્પીકર હોય અને અંગ્રેજી હકૂમતને તેની અદબ જાળવવી પડતી હોય તો આવું વ્યક્તિત્વ કેટલી ઉચ્ચ કક્ષાનું હશે તેનો તો આપણે માત્ર વિચાર જ કરી શકીએ. ટાઇમ્સ ઓફ ઇન્ડિયાએ તે વખતે રિઝર્વ બેન્કનાં કોઇ ખરડા વિશે વિઠ્ઠલભાઇ વિશે ઘસાતું લખેલું, પરંતુ વિઠ્ઠલભાઇનો પ્રભાવ એવો કે આવા અગ્રણી અખબારે પણ તેમની જાહેરમાં માફી માગવી પડી હતી.

વિઠ્ઠલભાઇએ ગુજરાત તેમજ રાષ્ટ્રીય કક્ષાએ, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે, ખેડૂતો માટે અને ત્રીજા તથા ચોથા વર્ગના કર્મચારીઓ માટે જે કંઇ કામગીરી કરી છે તેનું ઋણ ચૂકવી શકીએ તેવી સ્થિતિમાં આપણે નથી.

આ સ્મૃતિ વ્યાખ્યાનમાળા વર્ષોથી અસ્ખલિત રીતે આયોજિત થતી આવી છે. અને તેનો યશ આપ સૌને અને સંસ્થાને જાય છે. આ વ્યાખ્યાનમાળાનો ઉદ્દેશ એ છે કે યુવાન ભાઇઓ બહેનોને ખ્યાલ આપે છે કે લીડર કોન કહેવાય? લીડર શું કરી શકે. મારે આ વિષયના સંદર્ભમાં અત્યારના સંજોગોને આધારે 'વ્હોટ ઇન્ડિયા વોન્ટસ' વિશે વાત કરવી છે. સમગ્ર માનવજાત માટે આપણું રાષ્ટ્ર અપવાદ છે. જેમાં ૬૦ ટકાથી વધુ ૨૫ વર્ષનો યુવાન વર્ગ છે. પરંતુ દુર્ભાગ્ય એ છે કે રાષ્ટ્રના રાજકારણમાં, સમાજકારણમાં, શિક્ષણમાં યુવાનોના વિચારોને સામેલ કરવામાં આવતા નથી, કે તેને મહત્ત્વ આપવામાં આવતું નથી. આપણે માત્ર યુવાધન હોવાનું ગૌરવ લઇને બેસી રહીએ તો ન ચાલે. યુવાનો જો રાષ્ટ્રની મુખ્યધારામાં હોય તો રાષ્ટ્ર ગરીબ, અશિક્ષિત કે અવિકસિત ન રહી શકે

પ્રાથમિક શિક્ષણથી જ તેના પર શિસ્તના નામે વધુ પડતા અંકુશ અને સ્વતંત્ર વિચારો વ્યક્ત કરવાને માટે થઇને અનુકૂળ માહોલનો અભાવ યુવાશક્તિને સપ્રેસ (Supress) કરે છે.શિસ્તનું પોતાનું આગવું મહત્ત્વ તો છે જ પરંતુ એ કેટલી માત્રામાં હોવી જોઇએ અને કઇ રીતની હોવી જોઇએ તે ચર્ચાનો વિષય છે. આજે ઇન્ટરનેટને પરિણામે યુવાવર્ગમાં એક ગ્લોબલ અવેરનેસ

આવી છે, એક પ્લેટફોર્મ મળ્યું છે જેનો સદ્‌ઉપયોગ થવો જોઇએ. પહેલાનાં સમયમાં પ્રજાને પરાજિત કરવી હોય તો યુદ્ધ કરવું પડતું પરંતુ આજે એની જરૂર રહી નથી. ઊગીને ઊભી થતી પેઢીને સેક્સ અને વાયોલન્સના માર્ગે ચડાવી રાષ્ટ્રને ખોખલું બનાવવાના તરીકા અજમાવાઇ રહ્યા છે. ૨૪ કલાક ચાલતા માધ્યમો દ્વારા થતું સાંસ્કૃતિક આક્રમણ યુવાધનને ખરાબ આદતો અને નશાખોરીને રવાડે ચઢાવી વિકૃત અને માયકાંગલી બનાવી દેવાનો એક પ્રયાસ ચાલી રહ્યો હોય તેવું લાગે છે.

સામાજિક પરિપ્રેક્ષમાં જોઇએ તો આજે પરિસ્થિતિ એવી છે કે આપણી આવકો ઊંચી થઇ છે પરંતુ ખરીદશક્તિ ઘટી છે. આપણે ચંદ્ર પર જઇને આવ્યા પણ આપણી સોસાયટીમાં નવી રહેવા આવેલી વ્યક્તિને ત્યાં રસ્તો ઓળંગીને નથી જઇ શકતા. પતિ-પત્નીની સહિયારી આવકમાં વધારો થયો છે પણ છૂટાછેડાનું પ્રમાણ પણ વધ્યું છે. વિજ્ઞાન-ટેકનોલોજી થકી સગવડતાઓ વધી છે પણ માઇન્ડ સેટ સાયન્ટિફિક થયો નથી. પીઝા, નૂડલ્સ, બર્ગર તો લઇ આવ્યા પણ પોષણ ક્ષમતાનો તેમાં નિરંતર અભાવ જણાય છે, આધારકાર્ડ તો બનાવી લીધું પણ માર્કેટીંગની માયાજાળમાં ફસાઇને આપણે આપણો આધાર અને અસલિયત નથી સાચવી શક્યા. અત્યારના ચોકલેટી હીરો આપણા આઇકોન ન જ હોઇ શકે. આપણા આઇકોન સરદાર પટેલ, વિઠ્ઠલભાઇ, મહાત્મા ગાંધી કે પછી સચીન તેંદુલકર કે સીમાડાની રક્ષા કરતો આપણો સૈનિક હોઇ શકે, જેમણે રાષ્ટ્ર કે માનવજાત માટે કંઇક કર્યું છે. આપણું રાષ્ટ્રીય ચરિત્ર ધીરે-ધીરે ખરડાઇ રહ્યું છે, નીતિમત્તા ઘટતી જાય છે અને આજ ઘરેડમાં આપણે જીવ્યે જઇએ છીએ પરંતુ જો આ જ પરિસ્થિતિ રહેશે તો સશક્ત, સંપન્ન, રાષ્ટ્રનું નિર્માણ નહીં થઇ શકે.

વિદેશોમાં ઘસડાતું આપણું યુવાધન જેને આપણે બ્રેઇન ડ્રેઇન કહીએ છીએ તે નાસા કે સિલિકોન વેલીમાં સારું કામ કરે છે. પણ કોઇ માર્ક ઝુકરબર્ગ ભારતમાં કેમ નથી પાકતો? આટલી બધી સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં કરોડોના ખર્ચે રિસર્ચ વર્ક થતું હોવા છતાં પ્રથમ પંક્તિનું કહી શકાય તેવું કોઇ સંશોધન કે નોબલ પ્રાઇઝને લાયક કોઇ સંશોધન કેમ આપણા દેશમાં નથી થતું? આપણે સોફ્ટવેરમાં પાવરધા થયા પણ હાર્ડવેરમાં પછાત કેમ રહી ગયા? આપણે વિચારવું જોઇએ કે જે રાષ્ટ્ર પાસે આટલી બધી પ્રાકૃતિક સંપદા અને માનવ સંપદાય હોય તે રાષ્ટ્ર ગરીબ કેવી રીતે રહી શકે? તેનો જવાબ એ છે કે 'વી આર પુવર બાય અવર પોલીસીસ એન્ડ નોટ બાય અવર રીસોર્સીસ.' જયારે દેશની આઝાદીનાં ૫૦ વર્ષ ઉજવાઇ રહ્યાં હતાં ત્યારે તે વખતનાં લોકસભાના સ્પીકર પી. કે. સંગ્માએ આપણા રાષ્ટ્રએ પચાસ વર્ષોમાં જે મજલ કાપી એના લેખાજોખાં રૂપે, ક્યા ખોયા, ક્યા પાયાનો એક અંદાજ આવે, એ માટે રાજકારણ, અર્થકારણ, ધર્મકારણ, શિક્ષણ વગેરે જેવા જુદા-જુદા વિષયો પર વિદ્વાનો પાસે લેખો તૈયાર કરાવ્યા હતા અને એના ગ્રંથની દરેક પાર્લામેન્ટેરીયનને નકલો આપી હતી. તેમાં એટલો ડેટા હતો કે તેમાંથી પીએચ.ડી.ની ૨૫ જેટલી થીસિસ તૈયાર થઇ શકે પરંતુ આપણું દુર્ભાગ્ય કે આ માહિતીનો આપણે યોગ્ય ઉપયોગ ન કરી શક્યા અને રાષ્ટ્રના વિકાસ માટેનો એક યોગ્ય રોડમેપ બનાવવામાં કચાશ રહી ગઇ.

ખેતક્રાન્તિ અને ઉદ્યોગક્રાન્તિ પછી ૧૯મી સદીમાં જે એક મહત્ત્વની ક્રાંતિ હતી તે હતી આઇડિયોલોજીકલ ક્રાંતિ જેણે આલ્બર્ટ આઇન્સ્ટાઇન, સીગ્મેન્ટ ફ્રોઇડ, કાલ માર્ક્સ જેવી વિભૂતિઓ દુનિયાને આપી. એમણે માનવજાતને કનડતા અને મૂંઝવતા અનેક પ્રશ્નો ઉપર માર્ગદર્શન આપી વૈચારિક આબોહવા બદલી હતી. આજે જે આપણા દેશમાં ભાષાવાદ, કોમવાદ, પ્રાંતવાદ, આતંકવાદ, ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર, કાળુંધન વગેરે જેવી અનેક સમસ્યાઓ છે, જે ઉકેલવી બાકી છે. પરંતુ આપણે ક્યાંક આ ક્રાંતિથી વંચિત રહી ગયા.

આવી પરિસ્થિતિ હોય ત્યારે આપણે શું કરવું જોઇએ? આમાંથી બહાર આવવાનો કોઇ રોડમેપ છે ખરો? જવાબ છે હા. આ રોડમેપ તૈયાર કર્યો છે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, પ્રખર વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલકલામ સાહેબે. ૨૦૦૪ની સાલમાં કલામ સાહેબ જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે ગુજરાતની એક હાયર સેકન્ડરી સ્કૂલમાં વ્યાખ્યાન આપવા ગયા હતા.વ્યાખ્યાન પછી વિદ્યાર્થીઓ જ્યારે તેમનો ઓટોગ્રાફ માંગવા લાગ્યા ત્યારે તેમણે કહ્યું કે હું તમને એક સવાલ પૂછીશ અને આ સવાલનો જે જવાબ આવશે તેને હું મારો ઓટોગ્રાફ આપીશ. બારમાં ધોરણમાં ભણતી એક વિદ્યાર્થિનીને એમણે સવાલ પૂછ્યો કે જીવનમાં બેટા તારી મહત્ત્વાકાંક્ષા શી છે? ત્યારે વિદ્યાર્થિનીએ જવાબ આપ્યો કે એ મહામહિમ મારી મહત્ત્વાકાંક્ષા એ છેકે જ્યારે હું ચૂંટણીમાં મત આપવા યોગ્ય બનું ત્યારે મારું રાષ્ટ્ર વિકાસશીલ નહિ પણ વિકસિત હોય. અને હું એક વિકસિત રાષ્ટ્રની નાગરિક છું તેનું ગૌરવ લઇ શકું. આ જવાબ સાંભળીને ડૉ. કલામ સાહેબ ઊંડા વિચારમાં પડી ગયા એમને થયું કે વાત તો સાચી છે આઝાદીના છ દાયકાઓ પૂરા થયા છતાં આપણે હજુ વિકાસશીલ રાષ્ટ્ર છીએ, વિકસિત રાષ્ટ્ર નથી. રાષ્ટ્રના એક મોટા વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિ તરીકે દેશના પ્રથમ નાગરિક અને રાષ્ટ્રધુરાના ધારક તરીકે

દેશની ઊગીને ઊભી થતી પેઢીનો આ સવાલ અત્યંત મહત્ત્વનો અને પડકાર રૂપ છે. એના પર ખૂબ વિચાર વિમર્શ કરીને આપણા રાષ્ટ્રને ટૂંકા સમયગાળામાં વિકસિત બનાવી આપે એવા એક રોડમેપ દર્શાવતું એક પુસ્તક એમણે પ્રગટ કર્યું, જેનું નામ હતું ‘ઇન્ડિયા વિઝન ૨૦૨૦’.

આ પુસ્તક તેમણે ભારતની યુવાપેઢીના પ્રતિનિધિ રૂપે પેલી વિદ્યાર્થિનીને સમર્પિત કર્યું. બારમાં ધોરણમાં ભણતી એક વિદ્યાર્થિનીમાં જો આટલી તાકાત હોય, એ દેશના રાષ્ટ્રપતિને વિચારતા કરી શકતી હોય તો દેશનાં આટલાં બધાં યુવાનોની શક્તિ જો સંકલિત થાય તો શું ન કરી શકે? આપણે એવો સમાજ ઊભો કરીએ કે જેમાં નોલેજ જ કરન્સી હોય. નાણાં અને પ્રોપર્ટીની કરન્સી ભૂકંપ કે સુનામી કે કોમી દંગાઓમાં નાશ પામી શકે અને કરોડપતિમાંથી રોડપતિ થઇ જવાય. પણ જ્ઞાનથી જો આપણે સમૃદ્ધ હોઇએ તો આ સંપત્તિ ક્યારેય નહિ ધોવાય, આપણે જ્ઞાનથી સમૃદ્ધ થવું છે. આપણે ‘નિશાન ચૂક માફ નહિ માફ નીચું નિશાન’ને અનુસરવાનું છે.પોતાની લીટી મોટી કરવાની છે. આજે જે યુવાનો છે, બૌદ્ધિકો છે. ચિંતકો અને વિશ્લેષકો છે તે રાજકારણથી અલિપ્ત રહે છે અને આથી જ ચૂંટણીઓ જાતિ અને ધર્મના નામથી લડાતી રહે છે. આથી સૌએ રાષ્ટ્રની મુખ્ય ધારામાં સક્રિય થવું જોઇશે.

યુવાન ભાઇઓ બહેનો! કલામ સાહેબનાં બે પુસ્તકો ‘વીંગ્સ ઓફ ફાયર’ અને ‘ઇગ્નાઇટેડ માઇન્ડ’ આપ જરૂરથી વાંચજો. ભગવાને ઉડવા માટે તમને પાંખો આપી છે, સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિ એ તમારી પાંખો છે. તમારી પાસે સ્પાર્ક છે. કલામ સાહેબ કહેતા કે હું સપનાનો સોદાગર છું, સપના વહેંચવા આવ્યો છું. જેની પાસે સપનાઓ નથી તેમની પાસે ભવિષ્ય નથી. સપનાનો અર્થ છેઃ આશાઓ, અપેક્ષાઓ જે સર્જનાત્કમતાનું વાતાવરણ સર્જે છે. આપણે આપણા દેશ માટે સપનાઓ જોઇએ અને એવું કામ કરીએ કે આપણું આવતી કાલનું ભવિષ્ય સુધરે. જેમ કાર કે સ્કૂટર ચાલુ કરવા ઇગ્નીશન કી ફેરવવી પડે તે જ રીતે કલ્પનાશક્તિ અને સપનાઓને ચરિતાર્થ કરવા અને સર્જનાત્મકતારૂપી સ્પાર્કને જગાવવા શિક્ષક અને સંસ્થાના રૂપમાં આપણને ઇગ્નીશન કી જોઇએ, જેનાથી આપણું કર્મપ્રવૃત્તિરૂપ એન્જિન ચાલુ થાય. અને આથી જ આપણને આપણા શિક્ષકો, સ્કૂલ અને કૉલેજ જેવી સંસ્થાઓ અને યુનિવર્સિટી પ્રત્યે આદરભાવ હોવો જોઇએ. મારી કોલેજ મારું ગૌરવ, મારી યુનિવર્સિટી મારું ગૌરવ તેવી ભાવના, જો આપણે નહીં કેળવીએ તો આપણું પતન નિશ્ચિત છે.

આપ સૌ શિક્ષિત, દીક્ષિત અને ભિક્ષિત થાવ તે આજના સમયની માંગ છે. પીએચ.ડી. થઇ ગયા એટલે મહાપંડિત થયા એમ નહિ જ્ઞાન સાથે વિનય, વિવેક અને નમ્રતા પણ જોઇએ. વિઠ્ઠલભાઇની બાયોગ્રાફી વાંચીએ ત્યારે આ બધી જ લાક્ષણિકતાઓનો આપણને ખ્યાલ આવે છે.

આપણે દરિદ્રતામાંથી સમૃદ્ધિ તરફ, પછાતપણામાંથી વિકાસશીલતા તરફ, અંધકારમાંથી ઉજાસ તરફ જવું છે અને એક સુખી, સમૃદ્ધ, વિકસિત રાષ્ટ્ર સર્જવું છે. એ માટે આપણે આપણી નબળાઇઓને ઓળખી એને દૂર કરી કર્મશીલ બનવું છે.

આપણાં રાષ્ટ્રની હાલની પરિસ્થિતિ જોઇને સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હીના એવોર્ડ વિજેતા કવિ જગદીશ જોષીએ એક માર્મિક કાવ્ય લખ્યું છે. એના ઉદ્‌ઘોષ સાથે હું મારું આ વ્યાખ્યાન પૂરું કરીશ. ઊંડી દેશદાઝ અને વતનપ્રેમને વ્યક્ત કરવા એમણે વ્યથિત હૃદયે એ લખેલું. કાવ્ય આ મુજબ છે.

## ‘છિન્ન ભિન્ન’

ઓચિંતો ફ્યૂઝ જતાં મારા માળામાં અંધારું ઘોર
કોઇએ બૂમ પાડીને કહ્યું
અલ્યા નરસિંહ, મીરાં, સૂરદાસ, તુલસીદાસ, નાનક,
રહીમ, કબીર ક્યાં છો?
કોઇ ઇલેક્ટ્રીશિયનને તો બોલાવો.
બાજુના રૂમમાંથી નીકળીને મીરાંબહેને કહ્યું
અલ્યા ગિરધર!
ઇલેક્ટ્રીશિયન આવે ત્યાં સુધી મીણબત્તી તો લાવ
ત્યારથી મારા માળામાં
મારી ચાલીમાં
મારા દેશમાં
મીણબત્તીની શોધા શોધ ચાલે છે!

**- જગદીશ જોષી**

આપણા જીવનનો ફ્યૂઝ ઉડી ગયો છે, એમાંથી ચૈતન્ય ચાલ્યું ગયું છે અને માટે અંધકાર છવાઇ ગયો છે. સામાન્ય ફ્યૂઝ ઉડી ગયો હોત તો વાયરમેન કે ઇલેક્ટ્રીશિયન કામ આવતે. આ તો જીવનનો ફ્યૂઝ ઊડી ગયો છે. એ સાંધી આપવા તો આપણી સંસ્કૃતિના ચિરંતન જ્યોતિસ્તંભ જેવા આવા દ્રષ્ટાઓ જોઇએ. ફાટીને તાર તાર થઇ ગાભા જેવા થઇ ગયેલા આપણા જીવનવસ્ત્રને બખિયા ભરીને ફરી કોણ અખંડ કરી આપશે? આપણે રાહ જોઇએ છીએ સ્વમુખે ભગવદ્‌ગીતામાં ખાત્રી આપનાર ભગવાનની જેઓએ કહ્યું હતું કે આવી વિષમ પરિસ્થિતિમાંથી લોકોને ઉગારવા હું

આવીશ.

બાજુની રૂમમાંથી મીરાંબહેન નીકળી છે એટલા માટે કે એ કમિટેડ છે. એ મીણબત્તી લાવવાનું કહે છે, પણ મીણબત્તી ક્યાંય મળતી નથી. આ મીણબત્તી આપણે ગુમાવી દીધેલાં આદર્શો અને મૂલ્યોનું પ્રતીક છે. કવિ નિરાશાવાદી થઈને મીણબત્તી મળતી ન હોવાનો ખેદ પ્રગટ કરે છે.

પણ આપણે નિરાશાવાદી નથી, આશાવાદી છીએ. આપણને એ મીણબત્તી મળી ગઇ છે. એ મીણબત્તી એટલે હું અને તમે, તમે અને તમારા અધ્યાપકો, તમે અને તમારા વાલીઓ. એક મીણબત્તીમાંથી હજારો મીણબત્તી પેટાવી શકાય છે, પણ આપણી પાસે તો અસંખ્ય મીણબત્તીઓ છે, આવો આપણે એ એક સાથે પેટાવીએ અને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, અંધકારમાંથી ઉજાસમાં, પછાતામાંથી પ્રગતિમાં, ગરીબીમાંથી સપન્નતામાં આગળ ધપીએ. આભાર

(૩૫- પ્રોફેસર્સ સોસાયટી, વલ્લભ વિદ્યાનગર)

॥ સન્માન ॥

## શિક્ષણક્ષેત્રે પ્રશંસનીય યોગદાન બદલ વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા ડૉ.સી.એલ. પટેલ ''શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા એવોર્ડ''થી સન્માનિત

**સંજય કચોટ**

ચરોતર રત્ન, શિક્ષણ મહર્ષિ, શિક્ષણ ક્ષેત્રના આજીવન ભેખધારી અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલને 'વિશ્વ ગુજરાતી સમાજ ' પ્રેરિત પ્રતિષ્ઠિત ''શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા એવોર્ડ''થી સન્માનિત કરવામાં આવ્યા છે. શિક્ષણના ક્ષેત્રમાં પ્રશંસનીય કામગીરી બદલ ડૉ. પટેલને આ એવોર્ડ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં તારીખ ૧૯ નવેમ્બરના રોજ એનાયત કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે કલા, સાહિત્ય, સંસ્કૃતિ, લેખન અને શિક્ષણક્ષેત્રની આગવી પ્રતિભાની પસંદગી આ એવોર્ડ માટે કરવામાં આવે છે.

આ એવોર્ડ અંતર્ગત પ્રશસ્તિપત્ર, સ્મૃતિચિહ્ન અને રૂા. એક લાખની એવોર્ડ ધનરાશી આપવામાં આવી.

વર્ષ ૨૦૧૬ માટે પ્રાપ્ત થયેલા આ સન્માનને ડૉ. પટેલે તેમના શિક્ષણયજ્ઞને પ્રજ્વલિત રાખનારા દાનવીરો, શાળા-કૉલેજોના આચાર્યો, અધ્યાપકો અને તમામ બિન-શૈક્ષણિક કર્મચારીઓને સમર્પિત કર્યો હતો.

આ એવોર્ડ અંતર્ગત મળેલી એવોર્ડ ધનરાશી વિનમ્રતાથી પરત કરી આ સન્માનને સ્વીકારતાં તેમણે જણાવ્યું હતું કે, ''હું સરદાર પટેલ, ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ અને ડૉ. એચ.એમ. પટેલ જેવા શિક્ષણક્ષેત્રના આદરણીય મહાપુરુષોએ આરંભેલી યાત્રા અને યોગદાનના વારસાને પ્રામાણિકતાથી આગળ લઈ જવાનો પ્રયાસ કરી રહ્યો છું. વિદ્યાનગરને મળેલી સુવિધા અને વિકાસના ફાળામાં વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાનું પણ ભારે યોગદાન છે. વિદ્યાનગર નગરપાલિકાએ સ્થાનિક લોકોની સેવા અને સુખાકારી માટે લીધેલા પગલાંઓ પણ અત્રે અભિનંદનને પાત્ર છે.'' આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ''ચારુતર વિદ્યામંડળને કેટલાક કિસ્સાઓમાં ગુજરાત સરકારનો સહયોગ પ્રાપ્ત થયો છે. હા, કેટલીક બાબતોમાં સહકાર પ્રાપ્ત નથી પણ થતો. જોકે, શિક્ષણ વિકાસની પ્રક્રિયા કોઈ અડચણ વિના અવિરત ચાલી રહી છે ને જે કંઈ પણ પ્રાપ્ત થયું છે તે મારા આધ્યાત્મિક ગુરુજી પરમ આદરણીય પૂજ્ય પ્રમુખસ્વામીજી મહારાજના આશીર્વાદનું પરિણામ માત્ર છે. મને દૃઢ વિશ્વાસ છે કે તેમના આશિષ હું જીવનપર્યંત પ્રાપ્ત કરતો રહીશ.''

ડૉ. સી.એલ. પટેલના સન્માન પ્રતિભાવમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, દેશના મહાન નેતાઓ અને તેમના પૂર્વ સૂરિઓની શ્રેણીમાં ડૉ. પટેલને આ તબક્કે મૂકીશ તો એ જરાય અતિશયોક્તિભર્યું નહિ ગણાય. સરદાર પટેલે પ્રગટાવેલી શિક્ષણની ઉજાસભરી જ્યોત પ્રજ્વલિત રાખવામાં સી.એલ. પટેલ સાહેબનું યોગદાન અભૂતપૂર્વ છે.

શ્રી રૂપાણીએ ઉમેર્યું હતું કે, ''બિનનિવાસી ગુજરાતીઓ પાસેથી ભંડોળ કે દાન લાવવું એ મુશ્કેલ બાબત છે. આ મુશ્કેલ બાબતને સરળ બનાવી શિક્ષણક્ષેત્ર માટે એન.આર.જી. પાસેથી લાખો-કરોડો રૂપિયાના દાનનો ધોધ વહેવડાવો એ જ એમની પ્રામાણિકતા, નિષ્ઠા અને વિશ્વસનીયતાની સૂચક છે.''

આ એવોર્ડ કાર્યક્રમની પૂર્વે ડૉ. ડૉ.સી.એલ. પટેલના પ્રશસ્તિપત્રનું વાંચન કરવામાં આવ્યું હતું.

આ તબક્કે જાણીતા સાહિત્યકાર ડૉ.કુમારપાળ દેસાઈને પણ સાહિત્યક્ષેત્રના પ્રદાન બદલ ઉક્ત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ એવોર્ડ પ્રદાન સમારંભમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી, વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી કૃષ્ણકાંત વખારિયા, મહામંત્રીશ્રી વિષ્ણુ પંડ્યા તથા વિશ્વ ગુજરાતી સમાજના ઉપપ્રમુખો- શ્રી હેમરાજભાઈ શાહ અને શ્રી શ્રેયાંશભાઈ શાહની સાથે શહેરના સંખ્યાબંધ અગ્રણી નાગરિકો અને બુદ્ધિજીવીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રાધ્યાપક, ઈલસાસ, વલ્લભ વિદ્યાનગર)**

॥ નવલિકા ॥

# છાપરાં

ભૂષણ ઓઝા

સવારના ૭ વાગે સરકારી પાણી આવે ત્યારે શરૂ થાય આ જગ્યાનું જીવન... કોમન ઓટલા પર સવિતામાસી કપડાંનો ઢગલો લઇને બેસે ને પછી ધીરે ધીરે બીજી મહિલાઓ, છોકરીઓ બાળકો ઉમેરાતા જાય. છોકરીઓ અને જુવાન મહિલાઓ નળમાંથી પાણી ભરી ભરીને લાવે ને.... બધું ધોવાતું જાય.. છોકરાંય છબ છબાવે પોતાને કપડાં સાથે... કુકડા ય પછી બોલવાના ચાલુ થાય

એવામાં શરૂ થાય વાતચીતનો દૌર.... સવિતા માસી કપડા ને સાબુ દેતાં દેતાં પૂછે ''અલી પની કાલ રાત્યે તારો બાપ પાછો પી ન આયો તો ક? ...'' પની જરા જોર દઇને મેલ કાઢતાં બોલી ''ઇ ન શી નવઇ છ પીવામો... ઘરે આબ્બાનું ભૂલઅ.... પીવાનું નઇ...'' ને નીચોવ્યું કપડાને બરોબર... જાણે સુકવ્યા વગર જ સુકવવાનું ન હોય!.. ત્યાં પાછું પાણી ભરવામાં વાતચીત ... બોલાચાલી... તું-તાં-ગાળાગાળી એવું ય ચાલે...

''આખા ગોમનું પાણી તમ જ ઉલેચવાના ક..'' અવાજ ૧.

અરે ઇ ના ડિલ મો તો આખ્ખું... ટીપડુ રેડૉ તો ય મેશ ને ય હારી કેવ્ડાવે એવો વાન ઊજળવાનો નઇ- અવાજ ૨

તી અમી તો વાન ના કાળા.. તમ તો કોમના ય... અવાજ ૩

બસ... ને પછી આ ત્રણના તેર થાય.. ધમાલ... ''પાણી માટે યુદ્ધ થશે એવી વાયકા અહીંથી જ બહાર આવી હોય એવું લાગે... પણ બધું સ્હેજ વાર... સાવ અંદરથી કામે જનારાઓની શરૂઆત થાય.. કાનજી પ્લમ્બર થેલો લઇને નીકળે.. બે-ત્રણ રિક્ષાવાળાઓ સેલ મારે... શાકભાજીની લારીવાળો કાલના શાક પર આજનું પાણી છાંટી ને તાજપનું પડ ચડાવે. રોજિંદું.. ઘટમાળિયું, જીવન પણ સાવ એકઢાળિયું નહિ... બનતું રહે અહીં કંઇ નું કંઇ...

રવિવારનો દિવસ હતો.. બહાર જનારાને કામ માં રજા હતી... ને રોજનું વેચનારા ફેરિયા હજી નીકળ્યા નહોતા. ત્યાં બે લક્ઝુરીયસ કાર આવીને ઊભી રહી..

રમેશ ઢોલવાળો પોતાના ઢોલને સહેજ ઠીકઠાક કરી સજાવતો હતો... એને થાપ મારી ને કહ્યું. ''લો આઇ જ્યા ટાવરિયાઓ..! હ્ખ્ખે રે' વા નંઇ દે!''

મખાજી ઓરડીમાંથી ખાંસતો બહાર આવ્યો ''આપડા નોના મોણહના ઝીવતરના આશરા સમાં આ ઘરાને ઉશેટી ને ઇ ન કોઇ બરકત નઇ આવ.. ગમી ઇટલા ઊંસા ક મોટા મકોન બનાવ ઇ ન શાતા નઇ વળઅ...'' આટલું થતામાં તો દરેક ખોરડામાંથી બધા બહાર ઠલવાઇ ગયા... પેલી કારમાંથી કડક કપડામાં વીંટેલા રૂઆબ ઉતર્યા... ને વાત શરૂ કરવા માણસના ચહેરા ચડાવ્યા...

''ભાઇઓ, બહેનો... તમને ફરી એક વાર સમજાવવા આવ્યા છીએ- તમે જે જગા પર આ ઝૂંપડાં બનાવી દીધાં છે... એ જમીન હવે અમારી છે... સરકારી ચોપડે ય ચડી ગઇ છે... આ રહ્યા કાગળો ...

સરકારી ચોપડાની વાત સાંભળી ને બે-ત્રણ સમજદાર જુવાનિયા પેલા ચહેરાઓ સામે જોઇ રહ્યા ને પછી થોડાં ડગલાં આગળ આવ્યા.થોડા ગભરુ લોકો પોતાના ખોરડાને જોઇને પછી કાગળોને તાકી ર્યા. ને પછી એ લોકોએ સ્થાપેલી આધાર સ્થંભ સમી મેલડીમાની દેરી અને ફરકતી ધજા સામે રડમસ ચહેરે હાથ જોડ્યા.

પણ સવિતામાસી ને બીજા બે-ત્રણ ખમતીધર બૈરાં એ ધજાને આંબે એવા અવાજે બોલ્યાં ''તમી સ ન ઇ શરકાર ના થોથા ન આ સોપનિયા રાખો તમારી પોંહે...

ઝમીન ક જગા જીની ઓય ઇની આ ધરતી મા અમારી સ... અમી આ મા મેલડી ન બોલાઇ સ... તી હવ તો આ ઇની ઝગા થઇ. ની ઇણે અમન એવો કોલ આલ્યો સ ક ઇ રે તાં હુધી આ ભોમ સોડાય નઇ અમારાથી.....

હા... ન અમી તો હવ ખોડાઇ જ્યા.. બંધાઇ જ્યા.. બીજે તમ બંગલા આલો ન તોય ના જવાય.. અમારી માયા સ આ માટીની હાર્યે..લૂગડાં ઓય તો બદલી... ચોમડા ચ્યમ બદલાય હેં.... ફરી એકવાર રૂઆબને સમેટી, ચહેરાઓ કંઇક મસલત કરી ને પાછા ગયા. એમણે અધિકારીઓ પાસે પ્લાન પાસ કરાવેલો હતો... પણ આ સ્વયમ્ સિદ્ધ અધિકારથી બેઠેલા લોકને હટાવવાનો મનસૂબો પાર ન પડ્યો.

સાંજ પડી ને આકાશે લાલ જાજમ ઓઢી..... ને મા મેલડીને ભોગ ચડાવા ને દિવસે જ થયેલો વધુ એક રાહતનો પ્રસંગ, ચડાવા ના કેફમાં રંગ લાવ્યો.. બધાય ના સગા-વ્હાલા આવેલા દૂરદૂર થી... ને બકરા શણગારાયા... ઢોલ-નગારા-દીવા-ધૂપ-ધૂણો... ધૂણવું... ઉલ્લાસ ચરમસીમાએ પહોંચ્યો ને.. ચિત્કાર.. સાંજની લાલાશને ઝાંખો પાડતોએ ચિત્કારમાંથી નીકળેલો લાલ રંગ... છંટાયો... કુદરતની રમ્યતા પર માનવે ઊભો કરેલો આ અક્ષમ્ય ઉન્માદનો કેર ભારે પડ્યો...

આમ... કહેવાતા સભ્ય સમાજની વચ્ચે જ પોતાની રીત-ભાતથી રહેતો આ સમુદાય લગભગ કહો ને કે વણાઇ ગયેલો આ એકબીજાને અડીને બનાવેલા સાવ અણઘડ ડિઝાઇનના ખોરડાઓમાં... વિચાર તો થાય લગાવ-અંજળ-મમત જેવી ભાવ સૃષ્ટિ સર્વવ્યાપી છે. પણ

તો ય આ લોકોને મન આ જગાનું મહાત્મ્ય આટલું કેમ?

ને એક સવારે પની કે જે ઘરના કામ કરતી હતી એ એની બા સાથે ઘરે આવી. હાથમાં કંઇ ફોર્મ હતું...

આ ફારમ ભરી આલો ન... ખાતું ખોલાબ્બાનું સ બેંક મો

હા લાવો...

નામઃ જસી બેન... ઉંમર, પતિનું નામ, જન્મ તારીખ (અટકળે)... બધું લખાયા પછી સરનામાના ખાને હું અટક્યો...


પૂછ્યું સરનામું શું લખવાનું ?

જસીઃ છાપરાં!!! મારે આમ તો હસવું હતું પણ હસ્યો નહિ... બે કારણ હતાં... એક કે એને કદાચ માઠું લાગે. ને બીજું કે એનો અજબ રણકો... તો ય પૂછ્યું ''બસ છાપરા?? દાને જસી નો જવાબ ''સાયેબ તી તમી યોં સો ઈ સુ સે..તમી નોમ આલ્યા જુદા જુદા.... તી તમન નવાઈ લાગ.. પણ આ ટાઢ તડકે ને ચોમાહે તમને હાચવે ઇ હંધાય કેવાય તો છાપરા જ ને!!!

હું છત ભણી તાકી રહ્યો.

(૧૫, ઇન્દ્રનીલ સોસાયટી, જીવરાજ ચાર રસ્તા પાસે, જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧, મોઃ ૮૧૨૮૬૫૫૮૫૦)

**॥ અભિનંદન ॥**



**નર્મદચંદ્રક વિભૂષિત શ્રી મણિલાલ હ. પટેલ**

મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મોટાપાલ્લા ગામના વતની અને વલ્લભ વિદ્યાનગરના નિવાસી સર્જક શ્રી મણિલાલ હ. પટેલે કવિતા, વાર્તા, નિબંધ, નવલકથા, પ્રવાસ, જીવનકથા, આત્મકથા, વિવેચન તેમજ સંપાદન ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપ્યું છે. સાહિત્યના મહત્ત્વના સ્વરૂપોમાં સફળતાપૂર્વક ખેડાણ કરતા તેઓ સતત વાંચતા-લખતા રહેલા સવ્યસાચી સર્જક છે. વિદ્યાર્થી વત્સલતા, નિષ્ઠાવાન અધ્યાપક, રસાળશૈલીના પ્રભાવક વકતા, માનવીય મૂલ્યોની ખેવના... જેવા ગુણો તેમના વ્યક્તિત્વને ગરિમાપૂર્ણ ઊંચાઇ બક્ષે છે.તેઓ મિશનરી જોસ્સાથી સાહિત્ય અને સાહિત્યશિક્ષણ નિમિત્તે સમગ્ર ગુજરાત અને દેશ-પરદેશ ખૂંદી ચૂકેલા પ્રવાસી છે. તેમની પાસેથી છ કાવ્યસંગ્રહો, છ વાર્તા સંગ્રહો, બે પ્રવાસ ગ્રંથો, છ નવલકથા, ત્રણ ચરિત્ર-આત્મચરિત્ર ગ્રંથો સોળ નિબંધ સંગ્રહો, ૨૦ વિવેચન ગ્રંથો અને ૨૫ જેટલાં સંપાદનો પ્રાપ્ત થયાં છે. 'દસમો દાયકો', 'ખેવના' અને 'પરસ્પર' તેમનાં સંપાદકીય સૂઝ અને સજ્જતા દર્શાવતા સામયિકો છે.

તેમણે સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે પણ તેમને નિબંધનું સ્વરૂપ વિશેષ પ્રિય રહ્યું છે. તેમની વતનપ્રીતિ અને નિબંધપ્રીતિ અંગે વીનેશ અંતાણી લખે છેઃ ''કવિ-વાર્તાકાર-નવલકથાકાર-વિવેચક મણિલાલ હ. પટેલની સર્જકતા એમના નિબંધોમાં વિશેષ ખીલી ઊઠી છે. તેઓ તેમના ગ્રામજીવનના નિબંધોમાં સહજતા અને સરળતાથી વિહાર કરી શકે છે. એનું કારણ સ્પષ્ટ છે. ગ્રામજીવન સાથે એમની ચેતના, એમનું ભાવજગત-કહોને, એમનું સમગ્ર અસ્તિત્વ એકાકાર થયેલું છે. ગ્રામજીવન સાથે એમનો સંબંધ નાભિનાળનો છે. તેઓ તે વિશે નિબંધ લખે છે ત્યારે કશુંય બહારથી આરોપિત કે શિક્ષણ-અભ્યાસ દ્વારા થયેલું એમનું સંમાર્જન પ્રેરકબળ બનતું નથી. ગ્રામજીવનના નિબંધોનું સર્જન કરવું એમના માટે શ્વાસોચ્છ્વાસ લેવા જેવી સ્વાભાવિક પ્રવૃત્તિ છે.'' (પૃ.૪, 'ગામવટો')

૧૯૮૮માં 'મુખોમુખ' નિબંધસંગ્રહથી આરંભાયેલી તેમની નિબંધયાત્રા 'કોઇ સાદ પાડે છે' (૧૯૯૦),'માટી વટો' (૧૯૯૩), 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે' (૧૯૮૬), 'વૃક્ષાલોક' (૧૯૯૭), 'માટીનાં મનેખ' (૧૯૯૯), 'ભૂંસાતાં ગ્રામચિત્રો' (૨૦૦૦), 'મલકની માયા' (૨૦૦૨), 'વેળાવેળાની વાત' (૨૦૦૪), 'આડા ડુંગર ઊભી વાટ' (૨૦૦૬), 'સર્જકનો સમાજલોક' (૨૦૦૭), 'ધૂળમાં ઊડતો મેવાડ' (૨૦૧૦) અને 'તોરણમાળ' (૨૦૧૪) સુધી સાતત્યપૂર્વક વિકસતી રહી છે. 'ધૂળમાં ઊડતો મેવાડ'માં ત્રીસ નિબંધો સંગ્રહિત છે. આ સંગ્રહના નિબંધોમાં સર્જકચેતનાનો આવિષ્કાર ભાવકચેતનાને ઊંડાણથી સ્પર્શે છે- સંકોરે છે. 'માટીવટી,' 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે', 'વૃક્ષાલોક', 'ભૂંસાતાં ગ્રામચિત્રો' અને 'મલકની માયા' નિબંધસંચયો પુરસ્કૃત થઇ ચૂક્યા છે. અને તેઓ 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક' થી વિભૂષિત થઇ ચૂક્યા છે. આ પુરસ્કારો તેમની ઉત્તમ સર્જકતાની શાહિદી પૂરે છે.

આ વર્ષે (ઇ.સ.૨૦૧૬)'નર્મદ સાહિત્ય સભા' દ્વારા અપાતો 'નર્મદ સુવર્ણચંદ્રક' તેમના 'ધૂળમાં ઊડતો મેવાડ' નિબંધ સંગ્રહને પ્રાપ્ત થયો છે. આ એવોર્ડથી મણિલાલ હ. પટેલ અને તેમના નિબંધો યોગ્ય રીતે જ ગૌરવાન્વિત થયા છે. સર્જક શ્રી મણિલાલ હ. પટેલને મળેલી આ સિદ્ધિ માટે ચારુતર વિદ્યામંડળ અને 'વિ-વિદ્યાનગર' સામયિકનું સંપાદક મંડળ સાનંદ અભિનંદન પાઠવે છે.

સર્જકની સર્જનયાત્રા ઉત્તરોત્તર વિકાસોન્મુખ બની રહો એવી શુભકામના.

॥ લલિત નિબંધ ॥

## કીડીઃ ઊંચાઇ અને ઊંડાઇને આંબનારો જીવ

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

કીડી એ હળવી ગતિનું પ્રતીક છે. નાની અમથી કીડી એ ભલી અને એની ગતિ ભલી. કીડીને ક્યારેય તમે વધારે સમય માટે ઊભી રહેલી, ઊંઘી જતી, થાકી જતી જોઇ છે? ના. કીડી, એ એની ગતિમાં રત હોય છે. કીડીને આમ તો કોઇ ઉતાવળ નથી હોતી છતાં એ ઉતાવળે જાય છેઃ એને એનામાં મસ્ત રહેવું છે. કીડીની ઇચ્છા કોઇને ખલેલ પહોંચાડવાની નથી હોતી, એના કામમાં દખલગીરી થાય તો જ કીડી અસ્વસ્થ થાય છે, સહન કરતી નથી. છેડાય છે, ચટકે છે. કીડીબાઇઓ કશાય કોલાહલ વગર પોતાની પ્રવૃત્તિઓ કરે જાય છે. કોઇ કીડીસમૂહ ભેળો અવાજ ભળતો નથી. અથવા તો કીડીઓ એટલી હળવાશથી હલનચલન કરે છે કે એ પ્રવૃત્તિની કોઇનેય ખબર ન પડે. અવાજ ન કરવાનું કીડીઓ પાસેથી શીખવા જેવું છે, કોઇ અવસરટાણે પરિવારની સ્ત્રીઓ એકઠી થઇ હોય, એમાં જે ખૂબ ઓછું બોલીને પોતાની ફરજ નિભાવે છે. એ સ્ત્રીનું કામ મહત્ત્વનું છે.

કીડીની ચાલ તાલીમ પામેલા સૈનિક જેવી હોય છે- હરોળબદ્ધ એ ચાલે છે... એનાં માર્ગમાં સ્પીડ બ્રેકરો હોય કે પછી ખીણો-એ તો બધુંય હળવી ગતિએ ઓળંગી જાય છે. પર્વતની ઊંચાઇ કે કૂવાની ઊંડાઇ જોઇને કોઇ કીડી હબકી જતી નથી, ગભરાઇ જતી નથી. કીડીનો માર્ગ સ્વયંશિસ્તનો માર્ગ છે,એને કોઇ પરાક્રમો કરવાં નથી, કે નથી કોઇ તોપખાનામાં નામો નોંધાવવાં.

કીડીને પોતાના કામોનાં સર્ટિફિકેટ મેળવવાં નથી, કે નથી ઢોલનગારાં વગાડવાં, કે નથી માંડવા તોરણો બંધાવવાં! કીડીને તો નિત્ય નક્કર પ્રવૃત્તિમય રહેવું છે- તમે જુઓ કીડીનો કારોબાર કેવો છે- એ એનું કામ કર્યા જ કરે છે. ખૂણે ઘર કરે, ફરે, ચરે, નાના જીવથી (દર) જંગલનો અને નગરનો તાગ ન લઇ શકાય? કોઇ ઝાડ નીચે ગુફા કરી, મંગલ મંત્રો દ્વારા જંગલની પેલેપારનું સંગીત સાંભળનારા ઋષિઓ હોય, તો કીડીઓમાં પણ એક પ્રકારની શ્રેયપ્રવૃત્તિ કરનારાં વ્યક્તિત્વો છે. કીડીને કર્મઠતાનું પ્રમાણપત્ર ભલે આપવામાં ન આવ્યું હોય પણ એની કર્મઠતા અદ્વિતીય છે. કીડી પોતે જ નાની, સાવ અમથી, છતાંય એનું અસ્તિત્વ, વ્યક્તિત્વ નોંધપાત્ર છે. એના દેહની લઘુતાએ એને મોટાઇ આપી છે, એ ભલે નાની રહી, એ પોતાના લાઘવને ઓળખી શકી છે- એટલે એ મોટી છે- 'હું' ના ભાર વગરની.

કીડીનો બધો સમાજ કંઇ માદાઓનો નહિ હોય, નર કીડીઓ પણ હોવાના, તેમ છતાં એની ઓળખ 'માદા' તરીકેની છે- એમાંય એની નમ્રતા છે. માનવ સમાજમાંના નર વર્ગે એ વાત સમજી લેવા જેવી છે. કીડી એટલી બધી હળવી છે કે એનો પોતાનોય ભાર નહિ, આમ નિર્ભાર થઇને જીવ તરીકે પૃથ્વી ઉપર કેવળ ધૂળમાં વસવું એ કંઇ નાની સૂની વાત નથી.

કીડીમાં કેટલા બધા સદ્‌ગુણો છે- એ કોઇનો દ્વેષ કરતી નથી. અને મંદિરના ગર્ભગૃહમાં પહોંચી જાય છે, છતાં એનું અભિમાન કરતી નથી, કીડી શિખરેય જાય અને મંદિરની દીવાલમાંય ફરે એ સઘળે આત્મીયતા જુએ છે. એ નિષ્ઠાપૂર્વક દિનચર્યા કરે છે. કીડી ટાઢ, તડકાથી માણસ જેટલું ડરતી નથી. પ્રસન્નતા સિવાયનો બીજો કોઇ ભાવ એની ગતિમાં હોતો નથી. કોઇ મહાકાયના પગતળે એનો દેહ છુંદાઇ જાય તો ભલે એના ડરથી એ કંઇ દરમાં બેસી રહેતી નથી. કોઇ થાંભલાને, કોઇ દીવાલને, કોઇ થડને, કોઇ ડાળને એ આધાર માને છે પણ એ સર્વે માધ્યમોમાં કોઇનેય ભારરૂપ બનતી નથી. આપણે માનવીઓ એમ માનીએ છીએ કે નાના માણસોને વધારે સમસ્યાઓ હોય છે-કીડી એ દૃષ્ટાંતમાંથી કેવી અપવાદરુપ છે!!

કબીરે કહ્યું છે કે કીડીના પગમાં ઝાંઝર હોય છે- એનો રણકાર કોઇક મરમીને જ સંભળાય! કીડી પોતે જ ક્યાંય કોઇનેય બોઝરૂપ બનવા માંગતી નથી, એની હળવાશ કબીરના બંદાને સંભળાય છે.

'કીડી'ની ભાષા કઇ? કીડીનો 'હું' કેટલો નિર્ભારી છે. નાનું બાળક કાલીકાલી ભાષા બોલે, નાનું પંખીય પોતાની રીતે ટહુકે, કૂતરાનું બચ્ચુંય ઉઆ... બોલે... કીડી શું બોલે? 'કીડી' ને પોતાનો અહમ્ વ્યક્ત

અનુસંધાન પાન નં. ૨૫૫૨

॥ અભ્યાસ ॥

## વૃદ્ધત્વ : વૈજ્ઞાનિક અભિગમ

ઈલા એમ. મેકવાન

વૃદ્ધત્વ એ માનવજીવનનો અંતિમ તબક્કો છે. માણસ પોતાની જિંદગીના અગાઉના બન્ને તબક્કાઓ સ્વાભિમાનપૂર્વક વીતાવી ચૂક્યો હોય છે. વૃદ્ધત્વના આ તબક્કાને આધેડ અવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. વૃદ્ધત્વને જુદા જુદા દષ્ટિકોણથી જોવામાં આવે છે. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં વૃદ્ધત્વને વૈજ્ઞાનિક અભિગમથી જોવાની શરૂઆત થઈ. વૃદ્ધત્વને શરીરશાસ્ત્રીય, મનોવૈજ્ઞાનિક, આર્થિક અને સામાજિક અભિગમથી જોવામાં આવે છે. દરેક માનવી માટે વૃદ્ધત્વ એ નિશ્ચિત અવસ્થા છે. પરંતુ વૃદ્ધત્વને સ્વાભાવિક સ્વીકૃતિ પ્રાપ્ત થતી નથી. સમાજના દરેક વર્ગમાં વૃદ્ધત્વને બોજારૂપ કે ઉપેક્ષિત ગણવામાં આવે છે. વૃદ્ધજનો અંગે ઘણી કહેવતો પ્રચલિત છે. જેવી કે ઘરડા ગાડા વાળે, ઘરડા ડહાપણનું ઘર વગેરે... આ કહેવતો માત્ર સાહિત્ય પૂરતી સીમિત રહી ગઈ છે.

દેખીતી રીતે વૃદ્ધત્વની વ્યાખ્યા બહુ જ ટૂંકી છે. પરંતુ તેને વિસ્તૃત સ્વરૂપે અને વૈજ્ઞાનિક અભિગમથી જોવામાં આવે તો વૃદ્ધત્વ એ સામાન્ય રીતે ૬૦ વર્ષથી ઉપરની વય ધરાવતા વ્યક્તિ માટે અથવા તો વ્યક્તિની તે અવસ્થા માટે ઉપોગમાં લેવાતો શબ્દ છે. વૃદ્ધત્વ એ માત્ર શબ્દ ન રહેતા એક શારીરિક લાક્ષણિકતા બને છે. વયવૃદ્ધિની સાથે માનવ શરીરમાં થતાં શારીરિક પરિવર્તનો અને શારીરિક શક્તિઓમાં આવતી શિથિલતા અને કાર્યક્ષમતાનો અભાવ એ વૃદ્ધત્વની નિશાની છે. ભારતીય સમાજમાં ભારત સરકારની નીતિ અંતર્ગત વૃદ્ધત્વની ઉંમર ૬૦ વર્ષ પછી ગણાય છે. અને તેને વૃદ્ધત્વ અંગેના સરકારી લાભો પ્રાપ્ત થાય છે.

જર્મન ચાંસેલર ઑટો વાન બિસ્માર્કે દુનિયાની પ્રથમ સમાજ સુરક્ષા નીતિની સ્થાપના કરી જેમાં વૃદ્ધજનોને પેન્શન આપવાની જોગવાઈ કરવામાં આવેલ. આ બાબત સૂચવે છે કે તે સમયથી વૃદ્ધત્વને એક વૈજ્ઞાનિક અભિગમથી જોવામાં આવે છે. ત્યારથી માનવજીવનના આ સ્તરને વૈજ્ઞાનિક રીતે મૂલવવાનું શરૂ થયું.

### વૃદ્ધત્વની વ્યાખ્યા

વૃદ્ધત્વ માટે અલગ અલગ વિજ્ઞાન અલગ અલગ વ્યાખ્યા આપે છે. વસ્તીશાસ્ત્ર વધતી વયને વૃદ્ધત્વ ગણાવે છે. સરેરાશ મૃત્યુની વયના આધારે વૃદ્ધત્વની વય મર્યાદા નક્કી કરે છે. શરીરવિજ્ઞાન અને રોગ નિદાનશાસ્ત્ર વૃદ્ધત્વને શારીરિક વૃદ્ધિની સાથે સાથે વયવૃદ્ધિને લીધે થતી શારીરિક ક્ષમતાઓના ક્ષયની પ્રક્રિયાને વૃદ્ધત્વ ગણાવે છે. જર્નેટૉલોજી વયવૃદ્ધિની સાથે ઘણા રોગો અને અક્ષમતાઓ ઉદ્ભવે તેને વૃદ્ધત્વ તરીકે ઓળખાવે છે. મનોવિજ્ઞાનના મતે વ્યક્તિની માનસિકક્ષમતાઓ અને કાર્યક્ષમ નિર્ણયશક્તિનો અભાવ વૃદ્ધત્વની નિશાની છે. સમાજશાસ્ત્રીય અભિગમ પ્રમાણે વૃદ્ધત્વ સામાજિક દરજ્જામાં આવતા પરિવર્તનને લીધે ઉદ્ભવતી હતાશા અને સામાજિક અનુકૂલનમાં અનુભવાતી મુશ્કેલીને સૂચવતો ખ્યાલ છે.

### વૃદ્ધત્વની લાક્ષણિકતાઓ

જ્યારે વ્યક્તિ વૃદ્ધાવસ્થા તરફ આગળ વધે છે ત્યારે તે જે શારીરિક લાક્ષણિકતાઓ અનુભવે છે જેને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય જે નીચે પ્રમાણે છે.

**(અ) શારીરિક લાક્ષણિકતાઓ**

વયવૃદ્ધિને લીધે ૫૦ વર્ષની વય પછી વ્યક્તિ પોતાના શરીરમાં અમુક પ્રકારના બદલાવો અનુભવે છે પહેલાની સરખામણીમાં શારીરિક ક્ષમતાઓ ઘટતી જતી હોય, અમુક પ્રકારનું શ્રમવાળું કાર્ય અશક્ય થવા લાગે, કામની ઝડપ અને સ્ફુર્તિમાં ઘટાડો થાય. આવા લક્ષણો શારીરિક લક્ષણો તરીકે માનવ શરીરમાં ઉદ્ભવતા જોવા મળે છે. જે નીચેની ચર્ચાથી સારી રીતે સમજી શકાશે.

**૧. હાડકાં અન સાંધાઓ**

વૃદ્ધત્વ તરફ ગતિ કરતી વ્યક્તિના હાડકાંઓ પાતળા અને નબળા થવા લાગે છે. શરીરમાં કુદરતી રીતે ઉત્પન્ન થતું કેલ્શિયમ અને આર્યન ઘટવા લાગે છે. આથી શરીરશાસ્ત્રીય સંશોધનોના આધારે જાણવા મળ્યું છે કે વૃદ્ધ વ્યક્તિના હાડકાંઓ નબળાં અને શિથિલ થઈ જાય છે. હલન ચલન કરવામાં પણ વ્યક્તિને મુશ્કેલી અનુભવાય છે. શરીરના હાડકાંઓના સાંધાઓ કાર્યક્ષમ રીતે કાર્ય કરી શકતા નથી આથી સાંધાના દુખાવાઓ, બેસવા ઉઠવામાં થતા તકલીફો વગેરે લક્ષણો વૃદ્ધાવસ્થામાં વિકસતા જોવા મળે છે.

**૨. શ્વાસોશ્વાસ અને દાંતની તકલીફ**

સામાન્ય રીતે યુવાવસ્થા અને પ્રૌઢાવસ્થામાં વ્યક્તિનું

શ્વસનતંત્ર જે રીતે કાર્ય કરતું હોય છે તે રીતે વૃદ્ધાવસ્થામાં કાર્ય કરી શકતું નથી. સામાન્ય રીતે યુવાવસ્થામાં વ્યક્તિ જે રીતે ઊંડા શ્વાસ લઇ શકે છે તે રીતે વૃદ્ધાવસ્થામાં તે શ્વાસ લઇ શકતો નથી. ફેફસાંઓની કાર્યક્ષમતાઓ પણ ઘટવા લાગે છે આથી પૂરતા પ્રમાણમાં વ્યક્તિને ઓક્સિજન મળતું નથી. શ્વાસ ચઢવો, ચાલવામાં થાક લાગવો કે કોઇ શ્રમ સ્વરૂપનું કાર્ય કરવામાં મુશ્કેલી અનુભવવી આવા લક્ષણો શ્વાસોશ્વાસની પ્રક્રિયામાં નબળાઇ ઉદ્‌ભવતાં વ્યક્તિ મુશ્કેલી અનુભવે છે.

વૃદ્ધાવસ્થાની બીજી એક લાક્ષણિકતા તે દાંત છે. વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ પોતાના કુદરતી દાંત ગુમાવી દે છે આથી વ્યક્તિને બોલવામાં તથા ખોરાક ચાવવામાં તકલીફ પડે છે. ખોરાક ખાતી વખતે ખોરાક બરોબર ન ચાવવાથી પાચનતંત્રની પ્રક્રિયા પર તેની અસર થતી હોય છે. વૃદ્ધ વ્યક્તિના દાંતની ઉણપના કારણે ખોરાકની પસંદગી પર પણ અસર થતી હોય છે.

**૩. પાચન ક્રિયા અને દૃષ્ટિ**

દાંતના અભાવને લીધે અધકચરો ચવાયેલો ખોરાક જઠરમાં પૂરતા પ્રમાણમાં પાચન થઇ શકતો નથી. જઠર પૂરતા પ્રમાણમાં પાચક રસો ઉત્પન્ન કરી શકતું નથી. ખાધેલા ખોરાકમાંથી જઠરે જે પોષકતત્વો છૂટાં પાડવા જોઇએ તે પાડી શકતું નથી. આથી પાચન ક્રિયામાં રહેલી ક્ષતિઓને લીધે ઉત્સર્ગ ક્રિયામાં પણ અવરોધ ઊભો થાય છે. કબજિયાત, ગેસ જેવી શારીરિક તકલીફો ઉદ્‌ભવે છે.

મોટી ઉંમરે દૃષ્ટિ નબળી પડે છે.આંખમાં મોતીઓ આવે છે. દૂરના અને નજીકના ચશ્મા આવે છે તેમજ દૂરની વસ્તુને ઓળખવાની આંખથી જ તેની ઝડપ માપવાની ક્ષમતા ઘટે છે. આથી વૃદ્ધ વ્યક્તિ કોઇ પણ વસ્તુને ચશ્મા વિના જોઇ શકતી નથી. જે તેની કાર્યક્ષમતા પર અસર કરે છે.

**૪. શ્રવણ શક્તિ ઘટવી**

વયવૃદ્ધિની સાથે અન્ય ઇન્દ્રિયોની જેમ શ્રવણ શક્તિ પણ ઘટવા લાગે છે. વ્યક્તિ ઊંચા અવાજે બોલેલી વાત જ સાંભળી શકે છે અથવા એક થી વધારે વાર જ્યારે કહેવામાં આવે ત્યારે જ તે વાત સાંભળી શકે છે અને સમજી શકે છે. આથી ઘણીવાર પરિવારના સભ્યો કે આસપાસના લોકો વૃદ્ધજન પર ગુસ્સો કરે છે. પરંતુ આ પરિસ્થિતિ શારીરિક પરિસ્થિતિ હોવાથી વૃદ્ધ નિઃસહાય બની જાય છે.

**૫. હૃદયની તકલીફ**

વયવૃદ્ધિની સાથે વૃદ્ધ વ્યક્તિની હૃદયની ક્ષમતા પણ ઘટે છે આથી રૂધિરાભિસરણ તંત્રની કાર્યક્ષમતા ઘટે છે. સામાન્ય રીતે યુવા વ્યક્તિનું રક્ત આવર્તન એક મિનિટમાં ૮૦ વાર થાય છે. જ્યારે વૃદ્ધાવસ્થામાં આ ઝડપ ઘટે છે, આથી શરીરમાં રક્તપરિભ્રમણની પ્રક્રિયા ધીમી પડે છે જે શરીરના કોષોને નબળા બનાવે છે, ચામડીઓ પર કરચલી પડે છે અને નવા રક્તકણો બનવાની પ્રક્રિયા મંદ પડે છે. હૃદયનો જમણો ભાગ મોટો થાય છે જેથી પૂરતા પ્રમાણમાં રક્તનું દબાણ રહેતું નથી. મોટાભાગના વૃદ્ધજનોને ઉચ્ચ રક્તચાપ તથા નિમ્ન રક્તચાપની સામાન્ય તકલીફ જોવા મળે છે.

**૬. ઊંઘ અને અવાજ**

વૃદ્ધાવસ્થામાં વૃદ્ધ વ્યક્તિની ઊંઘનું પ્રમાણ ઘટવા લાગે છે. સરેરાશ એક પુખ્ત વયની વ્યક્તિ દરરોજ ૬ થી ૮ કલાકની ઊંઘ લેતો હોય છે જ્યારે વૃદ્ધાવસ્થામાં વ્યક્તિ મહત્તમ ૩ થી ૪ કલાક જ ઊંઘ લઇ શકે છે. આથી ઊંઘ ઘટવાથી તેની શરીરના વિવિધ તંત્રો પર વિપરીત અસર પડે છે. લાંબો સમય ઊંઘી ન શકતા વૃદ્ધો ઘરના અન્ય સભ્યોને અડચણરૂપ બને છે. જેથી વૃદ્ધ વ્યક્તિ પરિવારમાં અપ્રિય બની જાય છે.

વયવૃદ્ધિ સાથે શ્વસનતંત્રમાં ઊભી થતી ખામીને લીધે તેમજ દાંત ન હોવાથી વૃદ્ધજનનાં અવાજમાં અને શબ્દોના ઉચ્ચારમાં અડચણ ઊભી થાય છે. અવાજ ધ્રૂજવા લાગે છે અને અસ્પષ્ટ ઉચ્ચારો થવા લાગે છે. જેથી અન્ય વ્યક્તિઓ સાથેના વાર્તાલાપમાં મુશ્કેલી સર્જાય છે. વૃદ્ધ વ્યક્તિ બોલતી વખતે તોતડાવા લાગે છે. આથી સામેની વ્યક્તિ તેની વાત પુરતા પ્રમાણમાં સમજી શકતી નથી.

**(બ) માનસિક લક્ષણો**

વયવૃદ્ધિને લીધે વ્યક્તિની માનસિક કાર્યક્ષમતાઓ પર તેની સીધી અસર થતી હોય છે. મોટા ભાગના વૃદ્ધો જે શારીરિક મુશ્કેલીઓ અનુભવે છે તેના કરતાં પણ જે માનસિક મુશ્કેલીઓ અનુભવે છે તે તેઓ માટે વધારે ત્રાસદાયક હોય છે. વયવૃદ્ધિને લીધે વૃદ્ધો સતત અસલામતીની લાગણી અનુભવતા હોય છે. કાર્યક્ષમતામાંથી અકાર્યક્ષમતા તરફ જવાની જે પ્રક્રિયા થાય છે તેને પરિણામે એક તરફ કામ કરવાનો જુસ્સો હોય છે અને બીજી તરફ શારીરિક અક્ષમતા હોય છે. જે મનોદ્વંદ્વ ઊભો કરે છે. આથી વૃદ્ધાવસ્થા વિવિધ માનસિક પરિસ્થિતઓને જન્માવે છે.

**૧. આત્મવિશ્વાસમાં ઘટાડોઃ**

વૃદ્ધ વ્યક્તિ ધીમે ધીમે પોતાનો આત્મવિશ્વાસ ગુમાવવા લાગે છે. શારીરિક ક્ષમતાઓ ક્ષીણ થવાને લીધે તેમજ નિર્ણય શક્તિ ઘટવાથી આત્મવિશ્વાસમાં ઘટાડો થાય છે. ચેતાતંત્ર ધીમું પડવાથી વ્યક્તિ કોઈપણ નિર્ણય ઝડપથી લઈ શકતી નથી. આથી વૃદ્ધ વ્યક્તિ પોતાના પરનો વિશ્વાસ ગુમાવવા લાગે છે. જે આત્મવિશ્વાસમાં ઘટાડો કરે છે.

**૨. ભૂતકાળનું મમત્વ અને પુનરાવર્તનઃ-**

વૃદ્ધ વ્યક્તિ પોતાની ભૂતકાળની ઘટનાઓને યાદ કરતી રહે છે. અને આસપાસના લોકોને એ સતત કહેતી રહે છે. આથી એકને એક વાતનું પુનરાવર્તન કરવાની તેઓને ટેવ પડી જાય છે. જે આસપાસના લોકો વચ્ચે વ્યક્તિને અપ્રિય બનાવી દે છે. આમ ભૂતકાળનું મમત્વ વૃદ્ધ વ્યક્તિ છોડી શકતી નથી. પોતાના પરિવારના સભ્યોની વર્તમાન પરિસ્થિતિને પોતાની ભૂતકાલીન પરિસ્થિતિ સાથે જોડીને તેના ઉદાહરણ આપ્યા કરે છે.

**૩. સ્મૃતિલોપઃ-**

વૃદ્ધ વ્યક્તિની યાદશક્તિ ઘટવા લાગે છે. આથી સ્મૃતિલોપની પરિસ્થિતિ ઊભી થાય છે. વૃદ્ધ વ્યક્તિ અવારનવાર બધું ભૂલવા લાગે છે અને આ ભૂલવાની પ્રક્રિયાને લીધે વૃદ્ધ વ્યક્તિ આત્મવિશ્વાસ ગુમાવે છે. કુટુંબના સભ્યો પણ વૃદ્ધ વ્યક્તિની આ સ્મૃતિલોપની પરિસ્થિતિને લીધે તેઓ ઉપર વિશ્વાસ મુકતા નથી. આથી વૃદ્ધ વ્યક્તિ હીનતાની લાગણી અનુભવે છે. સ્મૃતિલોપ અને વિસ્મરણ એ વૃદ્ધાવસ્થા સાથે જોડાયેલી એક પરિસ્થિતિ છે. જે સામાન્ય રીતે ૮૦ વર્ષની ઉંમર પછી જોવા મળતી હોય છે.

**(ક) સામાજિક લાક્ષણિકતાઃ-**

વૃદ્ધાવસ્થા એ માત્ર શારીરિક, માનસિક પરિસ્થિતિ નથી પરંતુ એક સામાજિક પરિસ્થિતિ પણ છે. જિંદગીના છ દસકા સુધી જે વ્યક્તિ સ્વાભિમાન અને આત્મગૌરવપૂર્ણ રીતે જીવન જીવી હોય. જેમણે મહત્ત્વના નિર્ણયો પોતાની જાતે લીધા હોય તેવી વ્યક્તિ જીવનના અંતિમ તબક્કામાં બીજા ઉપર આધારિત બની જાય આ પરિસ્થિતિ તેના માટે સહ્ય રહેતી નથી. વૃદ્ધાવસ્થા જેમ શારીરિક-માનસિક લાક્ષણિકતાઓ જન્માવે છે તેમ કેટલીક સામાજિક લાક્ષણિકતાઓ પણ જન્માવતી હોય છે.

**૧. સામાજિક સમાયોજન**

વૃદ્ધાવસ્થાએ પહોંચેલ વ્યક્તિએ સામાજિક સમાયોજન સાધવું પડે છે લગભગ ચાર દસકા સુધી સંપૂર્ણપણે સ્વતંત્ર જીવન જીવેલ અને સ્વનિર્ણયથી દરેક કાર્ય કરેલ હોય તેવી વ્યક્તિએ અચાનક જ જીવનના બધા જ ક્ષેત્રોમાંથી નિવૃત્તિ લેવી પડે છે. ભારત જેવા પરંપરા પ્રધાન સમાજમાં જીવનના વિવિધ આશ્રમોના અંતિમ આશ્રમમાં તેણે સમાજ જીવનની બધી જ જવાબદારીઓથી મુક્ત થઈ જવું જોઈએ તેવી માન્યતા પ્રવર્તતી હોય ત્યાં વ્યક્તિએ ફરજિયાતપણે દરેક કાર્યમાંથી નિવૃત્તિ લેવી પડે છે. આથી સતત પ્રવૃત્તિમાં રહેલી વ્યક્તિએ ફરજિયાત પણે નિવૃત્ત થવું પડે છે. આ પરિસ્થિતિમાં સમાયોજન સાધવામાં વૃદ્ધ વ્યક્તિને તકલીફ પડે છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં કુટુંબમાં કમાતો વડીલ પુરુષ બધા જ નિર્ણયો લેવા માટે અધિકારી હોય છે. આથી નિવૃત્ત થયેલા વૃદ્ધને આ નિર્ણયોની ફક્ત જાણ કરવામાં આવે છે. તેઓને નિર્ણયમાં સહભાગી બનાવવામાં આવતા નથી. વૃદ્ધે કુટુંબની દરેક પરિસ્થિતિમાં સમાયોજન સાધવું પડે છે. આ પરિસ્થિતિ વૃદ્ધો માટે આકરી બને છે.

**૨. દરજ્જો અને ભૂમિકાઃ-**

વૃદ્ધાવસ્થામાં પહોંચતાં જ વૃદ્ધ વ્યક્તિનો સામાજિક દરજ્જો બદલાય છે. વૃદ્ધ વ્યક્તિને વૃદ્ધાવસ્થામાં પહોંચતાં જ માનભેર દરેક ભૂમિકાઓથી મુક્ત કરી દેવામાં આવે છે. વૃદ્ધો પરિવારમાં માત્ર તેમની ઉપસ્થિતિ જ નોંધાવતા હોય છે. એ સિવાયની દરેક ભૂમિકાઓમાંથી તેમને મુક્ત કરી દેવામાં આવે છે. કોઈપણ કામ હોય, કોઈ નિર્ણય લેવાનો હોય, કે કોઈ જવાબદારીઓ ઉઠાવવાની હોય,તો ત્યારે 'તમે આ ન કરી શકો' અથવા તો 'તમારાથી નહીં થાય' તેવું કહી તેઓને ભૂમિકા ભજવણીથી દૂર કરી દેવામાં આવે છે. 'હવે ભગવાનનું નામ લો', 'કથા શ્રવણ કરવા જાઓ', 'મંદિર જાઓ' આવા શબ્દો કહી વૃદ્ધોને તેઓની બિનઉપયોગિતા બતાવવામાં આવે છે. વૃદ્ધાવસ્થામાં આ ભૂમિકા બદલવાને લીધે વૃદ્ધો સતત મનોસંઘર્ષ અનુભવતા હોય છે.

**૩. પેઢીઅંતરઃ (Generation Gap)**

વૃદ્ધો અને યુવા કુટુંબીજનો વચ્ચે બે પેઢી વચ્ચેનું સામાજિક અંતર ઊભું થાય છે. બન્નેની સામાજિક પરિસ્થિતિઓ ભિન્ન હોય છે. વૃદ્ધ સભ્યો પોતે જ્યારે યુવાવસ્થામાં હતા એટલે કે પોતાના સંતાનોની અવસ્થામાં હતા ત્યારે શું હતા, કેવી સામાજિક પરિસ્થિતિ હતી, કઈ પરિસ્થિતિમાં શું કરતાં અને કેવા સંઘર્ષો કરીને આગળ

આવ્યા છે તે પોતાના સંતાનોને સતત કહ્યા કરે છે . જ્યારે યુવા પેઢીઓનો સમય ભિન્ન હોય છે. વૃદ્ધ જ્યારે યુવા હતા ત્યારે જે સમય અને પરિસ્થિતિ હતી તેમાં આજે પરિવર્તન આવ્યું છે આથી બન્ને પેઢીની સમય અને પરિસ્થિતિ અંગેની સમજણ ભિન્ન હોય છે. આથી બે પેઢી વચ્ચેનું અંતર સંઘર્ષ જન્માવે છે. આ સંઘર્ષના પરિણામે આગળ જતાં બે પેઢી વચ્ચેનો સંવાદ જ અટકી જાય છે. જે વૃદ્ધો માટે કપરી પરિસ્થિતિ છે. ઘણા વૃદ્ધો પરિવારમાં જ એકલતાની અનુભૂતિ કરતા હોય છે.

**૪. સામાજિક એકલતાઃ-**

સામાજિક પરિવર્તનને લીધે પરંપરાગત સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તૂટવા લાગી છે. તેના સ્થાને વિભક્ત કુટુંબો અસ્તિત્વમાં આવવા લાગ્યા છે. સંતાનો પુખ્ત થતાં અને નોકરી મળતાં માતા-પિતાથી અલગ થાય છે. અથવા તો એક શહેરમાંથી બીજા શહેરમાં અથવા તો ગામડામાંથી શહેરમાં સ્થળાંતરિત થતાં માતા-પિતા પોતાના સ્થાનમાં એકલા પડી જાય છે. વૃદ્ધાવસ્થામાં આ એકલતા વૃદ્ધોને પીડે છે. વિભક્ત રહેતા પરિવારોમાં વૃદ્ધોની કાળજીનો મોટો પ્રશ્ન છે. દિવસે-દિવસે એકલા રહેતા વૃદ્ધોનું પ્રમાણ વધવા લાગ્યું છે. આથી તેના વિકલ્પ તરીકે વૃદ્ધાશ્રમો ખૂલવા લાગ્યા છે. જ્યાં વૃદ્ધોને તેની એકલતા દૂર કરનાર સાથીઓ મળે છે.તેમજ તેની સારસંભાળ લેનાર લોકો પણ મળે છે. ઘણા કુટુંબોમાં વૃદ્ધો પરિવારમાં સાથે જ રહેતા હોવા છતાં તેઓ સાથે કુટુંબના અન્ય સભ્યો જરૂરિયાતથી વધારે વાતચીત કરતા નથી. તેમજ તેઓ કોઇ બાબતમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે તો તેના તરફ દુર્લક્ષ સેવવામાં આવે છે. આથી વૃદ્ધો ઉપેક્ષિતતાની લાગણી અનુભવે છે. અને તે એકલતામાં ધકેલાઇ જાય છે.

વૃદ્ધાવસ્થા શારીરિક, માનસિક અને સામાજિક રીતે વૃદ્ધોને સતત પીડતી પરિસ્થિતિ છે. વૃદ્ધાવસ્થામાં પહોંચતી દરેક વ્યક્તિ વૃદ્ધાવસ્થાથી ભયભીત થતી હોય છે. વૃદ્ધાવસ્થા એ અનિવાર્ય સત્ય છે. છતાં પણ તે અનિચ્છનીય છે. કોઇ વ્યક્તિ પોતે વૃદ્ધ છે તેવું ઝડપથી સ્વીકારતી નથી. આથી વૃદ્ધાવસ્થામાં સામાજિક-માનસિક સમાયોજનના વિશેષ પ્રશ્નો ઉપસ્થિત થાય છે, જે માનવ જીવનમાં અનેક સમસ્યાઓ જન્માવે છે.

**સંદર્ભસૂચિ**


- Bengtson. V.L.1973, The Social Psychology of Aging, Bobbs Merrill Co., New York
- Bhatia, H.S., 1983, aging and Society, A Sociological study, of Retired Public Servants, The Arya Book Center, Udaipur.
- Bose, Ashish, 1981, Aspects of Aging in India Social Action, Indian Social Institute, New Delhi
- પટેલ હિતેશ, ૧૯૯૯, વૃદ્ધત્વની સમસ્યા, હર્ષ પ્રકાશન, અમદાવાદ.
- પટેલ મફતલાલ, ૨૦૦૨, ''ભારતીય સંસ્કૃતિની કરુણતા વૃદ્ધાશ્રમ'' ધરતી અંક, જાન્યુઆરી, ૨૦૦૧.
- પટેલ રમેશભાઇ, ૧૯૭૪, વૃદ્ધાશ્રમમાં સેવાર્થીઓનો અભ્યાસ બી.એડ્.ની પદવી માટેનો નિબંધ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- ભટ્ટ, મીરા, ૨૦૦૧, જીવનનું અંતિમ પર્વ, પ્રવીણ પ્રકાશન, વેરાવળ જિલ્લો, રાજકોટ.
- રાવલ, ચંદ્રિકા, ૨૦૦૭, વૃદ્ધત્વ એક વૈશ્વિક સમસ્યા, નિવૃત્ત સાથી, અંક-૩, માર્ચ, અમદાવાદ.


(પ્રા.શાળા પે સેન્ટર, મુ.પો. સંદેશર,જી. આણંદ)

## આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં 'સંવિધાન દિવસ'ની ઉજવણી

ચારુતર વિદ્યામંડળ, વિદ્યાનગર સંચાલિત આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ, માધ્યમિક વિભાગ ખાતે ૨૬ નવેમ્બર, ૨૦૧૬ના રોજ ભારતીય સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે શાળાના શિક્ષક શ્રી રાજેશભાઇ ભટ્ટ દ્વારા ભારતીય સંવિધાન વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા-સંવાદનું આયોજન કરવામાં આવ્યું. શ્રી દર્શનભાઇ સુથાર તથા ભાવેશ ભટ્ટ દ્વારા ભારતીય બંધારણનું મહત્ત્વ તથા કાયદા વિશે ઊંડાણમાં માહિતી આપવામાં આવી હતી.

શાળાના આચાર્ય ડૉ. મહેશ સ્ટેલીને કાયદાના હેતુઓ, મળવાપાત્ર લાભ, કાયદાની પ્રક્રિયા અને જોગવાઇઓ વિશે જણાવ્યું હતું. શાળાનાં શિક્ષિકા શ્રીમતી કલ્પનાબેન પટેલ દ્વારા 'ડૉ.ભીમરાવ આંબેડકરનું ભારતીય બંધારણ ઘડવામાં પ્રદાન' વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના સુપરવાઇઝર શ્રી મહેન્દ્રભાઇ સેવકના માર્ગદર્શન હેઠળ શ્રી રાજેશભાઇ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## યોગદર્શનમાં અષ્ટાંગ રાજયોગ

**કે.વી. તાવિયાડ**

યોગદર્શનની રચના પતંજલિ મુનિએ કરી છે. આ દર્શન મનુષ્ય જીવનને સૌથી વધારે સ્પર્શે છે. તેમાં ચાર પાદ છે. જેમાં સાધનપાદ નામના બીજા પાદમાં અષ્ટાંગ રાજયોગ આવે છે. જીવનને પવિત્ર અને સર્વાંગસંપૂર્ણ બનાવવા માટે અષ્ટાંગ રાજયોગ અત્યંત જરૂરી છે. યોગમાં તે રાજાતુલ્ય છે તેથી જ તો તે રાજયોગ છે. યોગમાં 'યુજ્' ધાતુ છે. તેનો અર્થ મનને પરમશક્તિ સાથે જોડવું તેવો થાય છે. તેના આઠ અંગ છે તેથી તેને અષ્ટાંગ રાજયોગ કહે છે. જેમકે, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

(૧) **યમઃ-**

મન સહિત ઇન્દ્રિયો વિષયોમાંથી ઉપરામ પામે તે યમ છે. વળી, યમ પાંચ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

૧. **અહિંસાઃ-**

મનથી, વાણીથી કે કર્મથી કોઇની હિંસા ન કરવી તે અહિંસા છે. અર્થાત્ પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ અને દયા રાખવાં.જયારે અહિંસા સિદ્ધ થાય છે ત્યારે શત્રુતાનો ભાવ રહેતો નથી.

૨. **સત્યઃ-**

યથાર્થ ચિંતન અને યથાર્થ વાચન એટલે સત્ય. સત્ય જયારે સિદ્ધ થાય છે ત્યારે વાણી અમોઘ બને છે.

૩. **અસ્તેયઃ-**

કોઇપણ પ્રકારની ચોરી ન કરવી અને પદાર્થમાત્ર ઉપર સ્પૃહા ન રાખવી એને અસ્તેય કહે છે. અસ્તેય જયારે પ્રતિષ્ઠિત થાય છે ત્યારે મનુષ્ય સૌના વિશ્વાસનું પાત્ર બને છે.

૪. **બ્રહ્મચર્ય-**

તમામ ઇન્દ્રિયો પર સમજપૂર્વકનો સંયમ તેને બ્રહ્મચર્ય કહે છે. બ્રહ્મચર્ય જયારે સિદ્ધ થાય છે ત્યારે તનનું અને મનનું સામર્થ્ય સાંપડે છે.

૫. **અપરિગ્રહઃ-**

દેહમાત્રના નિભાવ માટે જરૂરી હોય તે કરતા વધારે કોઇપણ ભોગના સાધનનો અસ્વીકાર એટલે અપરિગ્રહ. અપરિગ્રહ સિદ્ધ થાય છે ત્યારે જીવનમાં પ્રતિષ્ઠા ખીલી ઊઠે છે.

(૨) **નિયમઃ-**

નિયમો પાંચ છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઇશ્વરપ્રણીધાન.

૧. **શૌચઃ-**

બાહ્ય અને આંતરિક જીવનની પવિત્રતા તેને શૌચ કહે છે. શૌચ જયારે સિદ્ધ થાય છે ત્યારે મનની પ્રસન્નતા મળે છે. ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત થાય છે.

૨. **સંતોષઃ-**

પ્રાણ રેડીને સાત્ત્વિક કર્મો કરવા જોઇએ પછી જે ફળ મળે તેમાં સંતોષ પામવો તે સંતોષ છે. સંતોષ જયારે સિદ્ધ થાય છે ત્યારે પ્રશાંત મનને ઉત્તમોત્તમ સુખનો લાભ થાય છે.

૩. **તપઃ-**

માન-અપમાન, સુખ દુઃખ વગેરે દ્વન્દ્વોને પ્રસન્નતાથી સહી લેવા તે તપ છે. તપ જયારે સિદ્ધ થાય ત્યારે કાયાની અને પ્રતિભાની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

૪. **સ્વાધ્યાયઃ-**

ગીતા વગેરે પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસ તે સ્વાધ્યાય છે. સ્વાધ્યાય જયારે સિદ્ધ થાય ત્યારે વિદ્વાનની પાત્રતા પ્રાપ્ત થાય છે.

૫. **ઇશ્વરપ્રણીધાનઃ-**

નિષ્કામભાવે ઇશ્વરની ભક્તિ કરવી તેને ઇશ્વરપ્રણીધાન કહે છે. ઇશ્વરપ્રણીધાન જયારે સિદ્ધ થાય છે ત્યારે સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

૩. **આસનઃ-**

આસનના બે પ્રકાર છે. બાહ્ય આસન અને શરીરનું આસન. મૃગચર્મ વગેરે આસન તે બાહ્ય આસન છે. પદ્માસન, શવાસન વગેરે શરીરના આસન છે. આસન જયારે સિદ્ધ થાય ત્યારે શરીર અને મનને ઠંડી-ગરમી વગેરે દ્વન્દ્વોની પ્રતિકૂળ અસર થતી નથી.

૪. **પ્રાણાયામઃ-**

શ્વાસ અને પ્રશ્વાસની ગતિને શાસ્ત્રીય રીતે રૂંધવી તે પ્રાણાયામ છે. બહારના વાયુનું આચમન કરવું તે શ્વાસ છે. કોઠામાં રહેલા વાયુને બહાર કાઢવો તે પ્રશ્વાસ છે.રેચક,

પૂરક, કુંભક અને કેવળ કુંભક એમ પ્રાણાયામ ચાર પ્રકારનો છે. પ્રાણાયામ સિદ્ધ થવાથી વિવેકજ્ઞાન પ્રાપ્ત થાય છે.

**૫. પ્રત્યાહાર:-**

પ્રત્યાહારથી ઇન્દ્રિયોમાં સંયમ પ્રાપ્ત થાય છે.પ્રત્યાહાર સિદ્ધ થતાં જિતેન્દ્રિય થવાય છે.

**૬. ધારણા:-**

કોઇપણ ભાગમાં ચિત્તને બાંધી દેવું તે ધારણા છે. ધારણા સિદ્ધ થતાં ચંચળ મન સ્થિર બને છે.

**૭. ધ્યાન:-**

ધારણાથી ચિત્ત એક પદાર્થમાં બંધાય છે ત્યારે પછી તે પદાર્થને લગતી વૃત્તિઓનો જે એક સરખો સજાતીય પ્રવાહ વહેવો તે ધ્યાન છે. ધ્યાન સિદ્ધ થતાં તેમાં વિજાતીય વૃત્તિઓનો પ્રવાહ અટકી જાય છે.

**૮. સમાધિ:-**

એક જ પદાર્થમાં ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણે કરવામાં આવે તે ક્રિયાને સંયમ કહે છે.જે પદાર્થમાં ચિત્ત એકાગ્ર કરવામાં આવે તે આકારનું ચિત્ત થઇ જાય તે સમાધિ છે. સમાધિ સિદ્ધ થતાં મનુષ્ય સ્થિતપ્રજ્ઞ બને છે.

આ ઉપરાંત ચાર મહાભાવનાઓનો ઉલ્લેખ મહર્ષિ પતંજલિએ કર્યો છે. મૈત્રી,કરુણા, મુદિતા અને આસુરી વૃત્તિની ઉપેક્ષા વગેરે. અવતારો અને ઋષિઓ આ મહાભાવનાના જ મૂર્તિમંત સ્વરૂપો હતા.

ઓમ એ ઇશ્વરનું ટૂંકુ નામ છે. યોગવિદ્યામાં ઓમ્ નું ખૂબ મહત્ત્વ છે. વિવિધ મહર્ષિઓ, ઋષિઓ, વિભૂતિઓ, મહામાનવો, સંતો વગેરેએ યોગ દ્વારા અનેક ભવ્ય અને દિવ્ય સિદ્ધિઓ મેળવી છે. વિસ્તારભયે અહીં નામોલ્લેખ કર્યો નથી.

**સંદર્ભગ્રંથો:-**

યોગદર્શન-પતંજલિ
પતંજલિ યોગદર્શન પ્રા. નલિન ભટ્ટ,
યોગ વિદ્યા-ભાણદેવ

(નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ, વલ્લભ વિદ્યાનગર)

અનુસંધાન પાન નં. ૧૯ પરનું

કરવો જ નથી, એને એના નાનપણાંમાં જ સદા આનંદ છે. 'હું' નો ભાર જીવતરને ડૂબાડે છે એની શીખ કીડીએ જન્મ લેતાં જ ક્યાંથી મેળવી લીધી હશે?

કર્મમાર્ગના સિદ્ધાંતને વરેલી કીડીને ગમે ત્યાંથી, ગમે તે રીતે કણ તો મળી જ રહે છે, પણ કીડીના એ કણમાં પૃથ્વી પરના માનવ-કુંજરો હાથ નાખવા જાય છે ત્યારે માનવોની જ દયા આવે છે!!

શ્રી રામકૃષ્ણ પરમહંસે કોઇ જગ્યાએ તેમના શિષ્યને કીડીની જેમ નિર્ણયો કરવા સૂચવ્યું છે. કીડી ધૂળમાં નિવાસ કરે છે અને છતાં સાકરનો શોખ ધરાવે છે. 'ધૂળમાં રહેવું ને ધૂપેલના સવાદ?' એ કહેવત કીડી માટે અપવાદ રચે છે.કીડીનો સંકલ્પ છે કે મીઠાશ સિવાય તેને કશું જ ખપે નહિ. સાકર જેવી મીઠાશવાળી જગ્યાએ કીડી વણનોતરે પહોંચી જતી હોય છે. કીડીના ભાગ્યમાં ભલે ધૂળમાં નિવાસ કરવાનું લખાયું હોય પણ કુદરત એને સાકરના સંકેતો પહોંચાડે છે. કીડીનો સંકલ્પ કેટલો બધો ઊંચો છે.

કીડી કદમાં ભલે નાની હોય, પણ સામુહિકતાનો શિસ્તનો સંકેત પૂરો પાડે છે. કીડીના દરમાં એના ભવિષ્યનો અસબાબ હોય છે. કીડીઓ વણનોતરે આવતી નથી, એમને મીઠાશનું નોતરું પહોંચી જાય છે. એ નોતરામાં સૂચવેલા સરનામે સરનામે એ પહોંચી જાય છે એના લક્ષ્ય સ્થાને. મંદિરમાં દર્શને જતા ભક્તો કે પૂજારીઓ મંદિરના શિખરે પહોંચી શકતા નથી પણ મંદિરને શિખરે સ્પર્શવાનું સદ્ભાગ્ય એ કીડીના ભાગ્યમાં લખાયેલું હોય છે. કીડી જમીનમાં નિવાસ કંડારે છે- વ્યવસ્થા કરે છે- ગોઠવે છે. કીડીના કરતાં કીડીના આવાસનો મહિમા ઘણો મોટો.

(પ્લોટનં.૮૬૪, મહાદેવ એરિયા, વલ્લભ વિદ્યાનગર )

॥ આયુર્વેદ ॥

## સ્થૂળતાનાં સામાન્ય કારણો અને પ્રતિબંધાત્મક ઉપાયો

**સુલક્ષણા જયાભાયે**
**અભિષેક પાટલિયા**

જેમ જેમ આપણે આધુનિકતાની ચરમસીમાને પ્રાપ્ત કરવામાં વ્યસ્ત છીએ તેમ તેમ અનેક પોષણજન્ય તેમજ ચયાપચયજન્ય વ્યાધિઓનો શિકાર બનતા જઇએ છીએ. જેને આધુનિક વિજ્ઞાન નોન-કોમ્યુનિકેબલ ડિસીઝ કે લાઈફ સ્ટાઇલ ડિસીઝ કહે છે. આવી વ્યાધિઓમાંથી આજે સંપૂર્ણ જગતની સામે જેણે એક પ્રશ્નચિહ્ન ઊભો કર્યો છે અને દરેક અનુસંધાનકર્તા માટે એક મોટી સમસ્યા રૂપ બનેલો છે તેવો વ્યાધિ એ સ્થૂળતા છે. આ એક એવો રોગ છે કે જે શરીરમાં ક્યારે, કેવી રીતે અને કઇ પરિસ્થિતિમાં આવી જાય તેની કોઇને ખબર પડતી નથી. એકવાર સ્થૂળતાનો રોગ થઇ ગયા પછી પૂર્ણરૂપે પ્રયત્ન કરવા છતાં આ રોગ જલદીથી દૂર ન થાય તેમ વણબોલાવેલા મહેમાનની જેમ પરેશાન કરે છે. સ્થૂળતાને કારણે અનેક રોગો થઇ શકે છે. આથી સ્થૂળતાને ન આવવા દેવું એ જ શ્રેષ્ઠ છે. Prevention is better then cure આથી આ રોગની સંપૂર્ણ જાણકારી હોવી આવશ્યક છે.

**સ્થૂળતાનાં કારણ :-**

- અધિક માત્રામાં ભોજન કરવું.
- સ્વભાવથી જ ભારે તેમજ પચવામાં ભારે પદાર્થોનું અત્યધિક સેવન કરવું. જેમ કે માવાની વસ્તુ, પનીર, અડદ વગેરે.
- મધુર પદાર્થોનું અધિક સેવન
- ઠંડા પદાર્થોનું અતિ સેવન, જેમ કે આઇસ્ક્રીમ, કોલ્ડ ડ્રીંક, ગોલા, ઠંડું પાણી વગેરે
- સ્નિગ્ધ પદાર્થોનું અતિ સેવન, જેમ કે તળેલી વસ્તુઓ, બાસુંદી, હલવો, શીરો, ઘીથી બનાવેલાં પદાર્થો વગેરે.
- વ્યાયામ ન કરવો
- અમૈથુન
- જમીને તરત જ સૂઇ જવું
- ક્યારેય કોઈપણ વસ્તુની ચિંતા ન કરવી.
- માતા પિતા સ્થૂળ હોવા.

**આધુનિક મતાનુસાર કારણ :**

- આધુનિક જીવનશૈલી
- અનેક દવાઓનાં વિપરીત પરિણામ જેમ કે હોર્મોન, કોન્ટ્રાસેપ્ટીવ તેમજ સાયકોલોજીકલ ડ્રગ્સ
- અંતઃસ્ત્રાવી ગ્રંથીઓને કારણે
- વારસાગત
- ઉચ્ચ વર્ગના લોકોની વૈભવી જીવનશૈલી
- માનસિક કારણ (ચિંતા, તણાવ, બીક, એકલાપણું, નિરાશા- આમાં વ્યક્તિ શું અને કેટલું ખાઇ રહ્યો છે તેની ખબર નથી પડતી. તેની સામે શારીરિક મહેનત પણ એટલી ન રહેવાથી સ્થૂળતા વધે છે.
- ચયાપચય ક્રિયામાં વિકાર
- શરીરમાં પાણીનો સંચય થવો.

**સ્થૂળતાની સાથે થનારી વ્યાધિઓ :**

- મધુપ્રમેહ (ડાયાબિટીસ)
- પિત્તાશયના વિકાર
- કોલેસ્ટેરોલ વધવું
- શ્વાસકષ્ટતા
- પાંડુરોગ
- અનિદ્રા
- હૃદયરોગ
- રક્તચાપની વૃદ્ધિ (હાઇપરટેંશન)
- સંધિવાત
- વાતરક્ત
- કેન્સર (મેનોપોઝ પછી બ્રેસ્ટ કેન્સર, એન્ડોમેટ્રીયલ કેન્સર, આંત્રનું કેન્સર)
- પ્રજનન સંસ્થાનનાં રોગો
- વંધ્યત્વ
- કટિશૂળ
- માતાની સ્થૂળતાની વિપરીત અસર ગર્ભમાં રહેલાં બાળક પર થવી.

**સ્થૂળતાનો સામાન્ય ઉપચારઃ-**

- આયુર્વેદ અનુસાર સ્થૂળ વ્યક્તિએ નિમ્નલિખિત આહારનું સેવન કરવું જોઇએ.
- ગુરુ (ભારે) અને અપતર્પણ આહાર જેમ કે જુવારની ધાણી, જવ
- જૂનાં ધાન્ય, છાશ, જૂનું મધ, જવ,કોદરી, મગ,

અનુસંધાન પાન નં. ૨૯ પર

# Remote Sensing: Perspective and Indian Status

**H. N. Kapse**

The science of Remote Sensing (RS) has emerged as one of the most fascinating subjects over the past few decades. India has taken a major step forward to realize tremendous application in the natural resource management. There are noteworthy milestones which our country has reached in the field of Remote Sensing Satellites in the recent times by ISRO [1]. It can be read as:

- Baging orders to launch 68 foreign satellites
- Launching weather satellite.
- Launching four key satellites in comming months; also reveals plans for 2020 mission to sun!
- By 2021, India will launch satellite jointly developed with US
- US' Pentagon to use Indian satellite to map weather conditions in Afghanistan etc.

All these shows that India has grown self sufficient and being capable of designing and operating Remote Sensing Satellites. India is the member of an exclusive group of nations with the other members as China, France, USA, Russia, Canada and European Space Agency. Bold decision was taken at ISRO to have a dedicated remote sensing satellite series with capabilities to provide uninterrupted and assured services. This led to the conceptualization of Indian Remote Sensing Satellite Programme and the first satellite IRS-1A was launched in 1988. It provides key inputs for planning and forms an integral part of resource management so as to facilitate optimal utilization of renewable and non-renewable resources of the Earth. This article summarizes Remote Sensing concepts with Indian Remote Sensing Satellites.

**Remote Sensing and its Significance**

In general RS is the acquisition of information about an object or phenomenon without making physical contact with the object. In terms of Space Technology, RS is the science of making inferences about objects from measurements made at a distance, without coming into physical contact with the objects under study by making use of the properties of Electromagnetic waves [2]. It is unique capability of space based sensors to provide a wide range of information through the electromagnetic spectrum. It uses the aerial sensing technologies to detect and classify objects on the surface, in the atmosphere and oceans by means of propagated signals. RS data derived may then be transformed into information for different applications using analog or digital image processing techniques with appropriate logic and methods.

**Significance:** RS derived information is critical to the successful modeling and monitoring of numerous natural and cultural processes. In fact, for successful execution of many models that rely on spatially distributed information- RS is must. It also helps in temporal information collection as it senses the same region for several times. The data provided are more than 95% accurate as compared to the data provided by the aerial or land based survey. This is possible because everything in nature has its own unique pattern of reflected, emitted or absorbed radiation. A sensor on satellite platform is used to record such reflected or emitted energy from the surface fig-1. This recorded energy is then transmitted to the users and processed to form an image, which is then analyzed to extract information about the target. Finally the information extracted is applied to assist in decision making for solving a particular problem.





**Fig.1 - Satellite Remote Sensing System**

Most satellite sensors detect EMR electronically as a continuous stream of digital data. The data are transmitted to ground reception stations, processed to create defined data products, and made available for sale to users on a variety of digital data media.

**Advantages:**

The speed at which data can be acquired from large areas of the earth's surface or it may be inaccessible area's investigation. All these actions are only possible by RS.

**Synoptic View:** RS process facilitates the study of various earths' surface features in their spatial relation to each other and helps to delineate the required features and phenomena.

**Repetitive:** The RS satellites provide repetitive coverage of the earth. This temporal information is very useful for studying landscape dynamics, phenological

variations of vegetation and change detection analysis.

Accessibility: RS process made it possible to gather information about the area when it is not possible to do ground survey like in mountainous areas and foreign areas.

**Time Conservation:** Information about a large area can be gathered quickly, the technique save time and efforts of human. It also saves the time of fieldwork.

Cost Effective: RS is a cost-effective technique as again and again fieldwork is not required and also a large number of users can share and use the same data.

**Indian RS Satellites**

In India, development of satellite platforms for acquisition of remotely sensed data began with the Bhaskara mission of late seventies. The Bhaskara satellites had two band TV payload for land applications and a Satellite Microwave Radiometer (SAMIR) for oceanographic / atmospheric applications [3]. Convinced with the capabilities and the inevitable role of satellite remote sensing in Nation development, India embarked upon several Joint Projects with the active involvement of the user community for the optimal management of our natural resources. The Indian Space Programme has been an integrated development of space technology and its utilization with a view to harnessing its potential for tasks of nation building providing services in the different areas.

The development and successful launch of the Indian Remote Sensing Satellites (IRS) have established good repute in the space technology community. The IRS satellites launched and its working status [4] is summarized in table 1. The IRS serves an important national goal in terms of providing continuous, operational services for management of the natural resources of the country. It also cater to various requirements, such as continuity of data, improved spatial resolution, enhanced spectral coverage, revisit capabilities and stereo viewing. The trend is to move to better resolutions – spatially to observe local details and map more details spectrally to discriminate (Hyperspectral) more features and temporally to observe more frequently.

**Table-1. Indian Remote Sensing Satellite Log**

| No. | Satellite | Date of launch | Status |
|---|---|---|---|
| 1 | IRS -1A | 17 March ’88 | Mission Completed |
| 2 | IRS – 1B | 29 August ’91 | Mission Completed |
| 3 | IRS – P1 | 20 September’93 | Crashed due to launch failure of PSLV |
| 4 | IRS – P2 | 15 October ‘94 | Mission Completed |
| 5 | IRS – 1C | 28 December‘95 | Mission Completed |
| 6 | IRS – P3 | 21 March ‘96 | Mission Completed |
| 7 | IRS – 1D | 29 September ‘97 | Mission Completed |
| 8 | IRS – P4 (OceanSat-1) | 27 May ’99 | Mission Completed |
| 9 | Technology Experiment Satellite (TES) | 22 October ’01 | In Service |
| 10 | IRS -P6 (ResourceSat-1) | 17 October ’03 | In Service |
| 11 | IRS - P5 (CartoSat – 1) | 5 May ’05 | In Service |
| 12 | IRS – P7 (CartoSat – 2) | 10 January ’07 | In Service |
| 13 | IRS (CartoSat – 2A) | 28 April ’08 | In Service |
| 14 | IMS - 1 | 28 April ’08 | In Service |
| 15 | OceanSat -2 | 23 September ’09 | In Service |
| 16 | CartoSat – 2B | 12 July ’10 | In Service |
| 17 | ResourceSat - 2 | 20 April ’11 | In Service |
| 18 | Megha-Tropiques | 12 October 11 | In Service |
| 19 | RISAT-1 | 26 April ’12 | In Service |
| 20 | SARAL | 25 Feb ’13 | In Service |
| 21 | CartoSat – 2C | 22 June ’16 | In service |

RS technology has reached a level of self dependency and is being used for a variety of applications for resource management. To promote the ISRO’s products, services and technologies to the world community, Department of Space has established “Antrix Corporation Limited” in 1992 as its marketing or commercial arm for the Remote Sensing data. Antrix markets India’s satellites and launch capabilities to global customers [5]. Between 2013 and 2015, India launched 28 foreign satellites for 13 different countries earning total revenue of US$ 101 million [6]. With fully equipped state-of-the-art facilities, Antrix is a one-stop-shop for any of the space products, ranging from supply of hardware and software including simple subsystems to a complex spacecraft, for varied applications covering communications, earth observation, scientific missions; space related service including RS data series, Transponders lease service; Launch services through the operational launch vehicles (PSLV & GSLV); Mission support services; and a host of consultancy and training services [7].

**Applications:** RS is useful in varied fields to cater the need. Major areas of applications include:

**Agriculture:** Crop type classification, Crop condition assessment, Crop yield estimation, Crop canopy, Mapping of soil-characteristic, Soil moisture estimation, Damage assessment

**Forestry & Ecosystem:** Forest cover & density mapping, Deforestation mapping, Forest fire mapping, Wetland mapping and monitoring, Biomass estimation, Species inventory, Encroachment, Habitat analysis

**Land Use/ Land Cover mapping:** Natural resource management, Wildlife protection, Encroachment

**Geology:** Litho logical mapping, Mineral exploration,

Environmental geology, Sedimentation mapping and monitoring, Geo-hazard mapping, Glacier mapping, Rock type mapping, Mining pollution assessments, Coal fire analysis, Landslide vulnerability / risk

**Hydrology:** Watershed mapping & Management Flood delineation and mapping, Ground water targeting

**Urban Planning:** Land parcel mapping, Infrastructure mapping, Land use change detection, Future urban expansion planning, Road networks, 3D city models, Structural and Hydrological inventory

**Ocean applications:** Storm forecasting, Water quality monitoring, Aquaculture inventory and monitoring, Navigation routing, Coastal vegetation mapping, Oil spill etc.

**Conclusions**

Utilization of RS technology for resources mapping and monitoring apart, the RS applications scenario has witnessed a phase transition from resource mapping to decision making. The capability of this technology to provide a wide range of details in a holistic, synoptic and unbiased manner as well as the possibility to obtain the information on a periodic basis has facilitated such transition. The advances in electro-optics, detectors and signal processing onboard with corresponding developments in data processing and analysis on ground have enabled planning for very high spatial resolution payloads to cater to mapping at very large scales.

Thus remarkable developments in space technology and its applications have contributed significantly towards sustainable utilization of our natural resources. The IRS Programme which had modest beginning has grown into a matured and well balanced programme by realizing state-of-art Space, Ground and User segments, leading to an end-to-end capability.

**References**


1. http://zeenews.india.com/tags/isro.html
2. Fundamentals of Remote Sensing, George Joseph, University Press
3. K. Kasturirangan, R. Aravamudan, B. L. Deekshatulu, George Joseph & M. G. Chandrashekhar, Current Science, Vol 70, Nuo. , April-1996
4. http://112.133.214.6/gis/gis2-3.aspx
5. ww.antrix.gov.in
6. SpaceNews.com. 25 April 2016
7. http://www.isro.gov.in/about-isro/antrix-corporation-limited


અનુસંધાન પાન નં. ૨૬ પરનું

કળથી, તુવેર, પરવળ, આમળાં વગેરે ભોજનમાં લઇ શકાય તથા પીવામાં મધૂદક (મધ+પાણી) નો ઉપયોગ કરવો જોઇએ.

- આધુનિક જીવનશૈલીનાં ખાદ્યપદાર્થો જેવાં કે આથાવાળી વસ્તુઓ, ફાસ્ટ ફૂડ, વધુ તળેલી વાનગીઓ, કોલ્ડ ડ્રીંક્સ, આઇસક્રીમ, ચોકલેટ, ફણગાવેલા કઠોળ વગેરેનું સેવન પૂર્ણ રૂપે બંધ કરી દેવું જોઇએ.
- બટાકાં, શકરિયા, સૂરણ જેવા કંદમૂળ ન લેવા જોઇએ.
- કેરી, કેળા, ચીકુ વગેરે જેવા અતિ મીઠાં ફળો ન ખાવાં.
- દૂધમાંથી બનાવેલાં પદાર્થો જેવા કે પનીર, દહીં, મલાઇ, બાસુંદી, શ્રીખંડ, પેંડા વગેરે, ફરસાણ, અડદ, વધુ ખાટા રસયુક્ત પદાર્થોનું સેવન ન કરવું જોઇએ.
- નવું ધાન્ય ક્યારેય ન ખાવું

**વિહારઃ-**

- સ્થૂળતા ઓછી કરવાં માટે રોજ નિયમિત રીતે સવારે ચાલવાં જવું જોઇએ.
- વ્યાયામ કરવો જોઇએ.
- સપ્તાહમાં એક વાર ઉપવાસ કરવો જોઇએ.
- શારીરિક શ્રમ કરવો જોઇએ.
- પ્રિય વ્યક્તિ સાથે રાત્રિ જાગરણ અને મૈથુન કરવું જોઇએ.
- દિવસે ક્યારેય પણ ન સૂવું જોઇએ.
- ટીવી જોતાં જોતાં, વાતો કરતાં કે છાપાં વાંચતાં વાંચતાં ભોજન ન કરવું જોઇએ.
- યોગ્ય માર્ગદર્શકની દેખરેખ હેઠળ યોગાસન, સૂર્યનમસ્કાર, શુદ્ધિ ક્રિયા, સૂક્ષ્મ વ્યાયામ, ધૌતી તથા પ્રાણાયામ કરવાં જોઇએ.
- યોગાસનમાં પશ્ચિમોત્તાસન, અર્ધમત્સ્યેન્દ્રાસન, ઊષ્ટ્રાસન, યોગમુદ્રા, શશાંકાસન, સુપ્તવજાસન, મત્સ્યાસન, પવનમુક્તાસન, ધનુરાસન, તાડાસન, પાદહસ્તાસન, કટિચક્રાસન વગેરે કરી શકાય.
- પ્રાણાયામમાં અનુલોમ વિલોમ, સૂર્યભેદન, ભ્રામરી અને ભસ્ત્રિકા કરી શકાય.
- ઓમકારનો તેમજ ગાયત્રીમંત્રનો જાપ તથા ધ્યાન પણ ફાયદો કરે છે.

(જી.જે. પટેલ આયુર્વેદ કોલેજ, ન્યુ વલ્લભ વિદ્યાનગર)

## ઇલસાસના વડપણ હેઠળ સરદાર પટેલ યુનિવર્સિટીના રાષ્ટ્રીય કક્ષાના એડવેન્ચર કેમ્પનું સફળતાપૂર્વક આયોજન

કલા, સંસ્કૃતિ, શિક્ષણ બાદ હવે સાહસના મામલે પણ ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઇલસાસ કૉલેજે તેની સાર્થકતા અને સબળતા પુરવાર કરી બતાવી છે. રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.), ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત એડવેન્ચર કેમ્પની સરદાર પટેલ યુનિવર્સિટી વતી આગેવાની લેવાનું સૌભાગ્ય આ વખતે ઇલસાસ કૉલેજને પ્રાપ્ત થયું હતું.

તારીખ ૧૦ થી ૧૯ નવેમ્બર, ૨૦૧૬ દરમિયાન હિમાચલપ્રદેશના કુલ્લુ જિલ્લાના મનાલી ખાતે યોજાયેલા એડવેન્ચર કેમ્પની આગેવાની ઇલસાસના એમ.એસ.ડબલ્યુના અધ્યાપિકા અને એનએસએસ યુનિટની સંયોજિકા સુશ્રી અનામિકા ક્રિસ્ટીએ લીધી હતી. આ એડવેન્ચર કેમ્પમાં ઇલસાસ કૉલેજના બે, બીજેવીએમના ચાર, એચ.એમ.પટેલ ઇંગ્લિશ ઇન્સ્ટિટ્યૂટના બે અને વી.પી. સાયન્સ કૉલેજના બે વિદ્યાર્થીઓ-મળીને સરદાર પટેલ યુનિવર્સિટીના ૧૦જ્યારેવીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૧૦ વિદ્યાર્થીઓ- એમ મળીને સમગ્ર રાજ્યમાંથી કુલ ૨૦ વિદ્યાર્થીઓ ગુજરાતનું આ કેમ્પમાં સફળતાપૂર્વક પ્રતિનિધિત્વ કર્યું હતું.

તારીખ ૧૦ થી ૧૯ નવેમ્બર દરમિયાન યોજાયેલા આ એડવેન્ચર કેમ્પમાં ગુજરાત ઉપરાંત આંધ્ર પ્રદેશ અને મહારાષ્ટ્રના એન.એસ.એસ.ના સ્વયંસેવકો પણ હાજર રહ્યા હતા.

હિમાચલ પ્રદેશના મનાલી સ્થિત અટલ બિહારી વાજપેયી ઇન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનીયરીંગ એન્ડ એલાઇડ સ્પોટ્ર્સ તાલીમ સંસ્થા ખાતે આયોજિત આ કેમ્પમાં વિદ્યાર્થીઓને ટ્રેકિંગ, રિવર રાફ્ટિંગ, સ્કીંઇંગ, રિવર-ક્રોસિંગ, રોક-ક્લાઇમ્બિંગ, રેપલિંગ જેવી સંખ્યાબંધ સાહસ સંબંધિત તાલીમ આપવામાં આવી હતી. આ દિવસો દરમિયાન ગુજરાત ટીમના તમામ સભ્યોએ લગભગ ૮૫ કિલોમીટરનું ટ્રેકિંગ કરવાની સાથે-સાથે ૧૦,૦૦૦ ફુટ ઊંચાઇ સુધીની ઊંચાઇ સર કરી હતી, જે એક આગવી ઉપલબ્ધી ગણી શકાય.

આ પ્રકારના એડવેન્ચર કેમ્પના કારણે વિદ્યાર્થીઓમાં સંગઠન ભાવના, સાહસ ખેડવાની વૃત્તિ, જોખમી પરિસ્થિતિમાં જીવન ટકાવી રાખવાની ક્ષમતા અને નેતૃત્વના ગુણો વિકસે છે, તેમ ઇલસાસ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ.સન્ની થોમસે જણાવ્યું હતું.

ઇલસાસના વડપણ હેઠળ આ સફળ સાહસ કરનારી ટીમને સરદાર પટેલ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર ડૉ.શિરીષ કુલકર્ણી, રજિસ્ટ્રાર ડૉ. રામસિંહ રાજપૂત અને યુનિવર્સિટીના એન.એસ.એસ. એકમના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર અને ડેપ્યુટી રજિસ્ટ્રાર ડૉ. જાગૃતિ પરમારે અભિનંદન સાથે બિરદાવી હતી.

## એરીબાસમાં સી.એસ.આઇ.આર. નેટ ટ્રેનિંગ કોર્સ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંટરીગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઇન બાયોટેકનોલોજી એન્ડ એપ્લાઇડ સાઇન્સીસમાં 'ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, ગાંધીનગર દ્વારા અનુદાનિત' વિના મૂલ્યે સી.એસ.આઇ.આર. નેટની પરીક્ષાનું કોચિંગ તારીખ ૨૪-૧૧-૨૦૧૬ થી ૨૮-૧૧-૨૦૧૬ દરમ્યાન આપવામાં આવ્યું. પ્રોગ્રામની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. મુખ્ય અતિથિ એમ.એસ. યુનિવર્સિટી, બોટની વિભાગના ડૉ. ધર્મેન્દ્ર શાહે નેટની વિશેષતા જણાવી હતી. ત્યારબાદ સંસ્થાના હેડ ડૉ. નીલાંજન રોયે સી.એસ.આઇ.આર. નેટ ટ્રેનરોને આવકાર આપી તજજ્ઞો દ્વારા મળનાર જ્ઞાનનો વિશેષ લાભ લઇ દરેક સેશન બાદ મોક ટેસ્ટ આપવાથી આપણી ખામી કઇ જગ્યાએ રહી જાય તે ખાસ જોવી અને તે માટેની તૈયારી વિશેષ કેવી રીતે કરવી તેની માહિતી આપી હતી. પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડૉ. દિગ્વિજય રાણાએ પાંચ દિવસ દરમ્યાનની કાર્યપ્રણાલી રજૂ કરી હતી. પસંદગી પામેલા તાલીમાર્થીઓને કોચિંગ દરમ્યાન બૂક અને રીડિંગ મટીરિયલ ફ્રી, બ્રેક ફાસ્ટ અને રીફ્રેશમેંટ ફ્રી, તેમજ ફ્રી રહેવાની સગવડ પણ આપવામાં આવી હતી.

## એરીબાસ કૉલેજ દ્વારા ગાના ગામમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો પ્રારંભ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી એરીબાસ કૉલેજ દ્વારા એન.એસ.એસ. યુનિટ દ્વારા શિબિરની શરૂઆત ગાના ગામની પટેલ વાડીમાં મુખ્યમહેમાન તરીકે સરપંચ શ્રી વિનુભાઇ પરમાર, આચાર્યશ્રી હિતેશભાઇ, ભાજપ જીલ્લા પ્રમુખ શ્રી

નિલેષભાઇ, ઉપપ્રમુખશ્રી રીતેશભાઇ, માજી સરપંચ શ્રી રમેશભાઇ, કાંતિભાઇ પટેલ (પટેલ વાડી), એરીબાસના હેડ, ડૉ. નીલાંજન રૉય, પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડૉ. કિન્નરીબેન તેમજ ડૉ. કલ્પેશ ઇષનાવા તથા સ્વયંસેવકો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. એરીબાસના સ્વયંસેવકો દ્વારા પ્રાર્થના ગાન કર્યા બાદ મહેમાનોનું સ્વાગત તુલસીના છોડ આપી કરવામાં આવ્યું હતું. ડૉ.રોય, ગાના ગામની સ્કૂલના આચાર્ય શ્રી હિતેશભાઇ તેમજ શ્રી નિલેષભાઇએ તેમનાં વક્તવ્યોમાં જણાવેલ કે ગામની પ્રજાની સામાજિક પ્રવૃત્તિઓ કોઇ પણ જાતના ભેદભાવ રહિત કરવી, સારી રીતે જીવન જીવવા માટેનાં પગલાંઓ, પર્યાવરણની સાચવણી અને જાળવણી, પોતે અને બીજાં પાસે પણ સ્વચ્છતાંનો આગ્રહ રાખવો અને રખાવવો, લોકોને સાચી માહિતીથી માહિતગાર કરવા એ જ આપણી બધાની રાષ્ટ્રીય સેવા દેશ પ્રત્યેની ખરા અર્થમાં ગણાશે અને તે પ્રમાણેની પ્રવૃત્તિઓ ખરા અર્થમાં કરીશું તો જ આ કેમ્પની સફળતા ગણાશે.

આ કેમ્પ તારીખ ૨૬.૧૧.૨૦૧૬ થી ૦૨.૧૨.૨૦૧૬ રાખવામા આવ્યો હતો. આ શિબિરમાં વ્યસનમુક્તિ, બ્લડડોનેશન કેમ્પ, મફત આંખો ચકાસણી કેમ્પ, વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન વગેરે કાર્યક્રમ દ્વારા સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન સાહિલ નાગર, જય દવે, ધૃવેશ ધોબી, શૈલવી ક્રિશ્ચિયન, ધરતી શાહ અને જાહ્નવી પટેલ, પ્રિતેશ ગુણવંતભાઇ પટેલ,કવિતા પટેલ, દરેક સ્વયંસેવકોએ એનએસએસ યુનિટનાં ડૉ. કિન્નરી મિસ્ત્રી અને ડૉ. કલ્પેશ ઇષણાવાના માર્ગદર્શન મુજબ અને ડૉ.નીલાંજન રોયનાં પથદર્શક મુજબ કર્યું હતું.

**જી.જે. પટેલ આયુર્વેદ કૉલેજના વિદ્યાર્થીઓની આંતર કૉલેજ કબડ્ડી સ્પર્ધામાં ઝળહળતી સિદ્ધિ**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, જૂનાગઢ ખાતે આંતર મહાવિદ્યાલય કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતની આયુર્વેદ કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ભાઇઓની ૮ ટીમ અને બહેનોની ૪ ટીમ એમ કુલ ૧૨ ટીમો આ કબડ્ડી ટુર્નામેન્ટમાં સહભાગી બની હતી. જેમાં ન્યુ વિદ્યાનગરની ભાઇઓની ટીમ વિજેતા જાહેર કરાઇ અને આ વર્ષ માટે કબડ્ડી ચેમ્પિયનશીપનું બિરૂદ પ્રાપ્ત કર્યું છે. આ સફળતા બદલ કૉલેજનાં આચાર્ય અને સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. મલ્હારી દેશપાન્ડેએ વિજેતા ટીમ મેનેજર ડૉ. અનિકેત શીલવંત તથા સ્પર્ધકો દેવલ શાહ, જય ભોરાણીયા, ભૂપેન્દ્ર ઠાકુર, હરેશ ચૌધરી, અર્જુન કુચા, કરશન ચૌધરી, ધ્રુવીલ જોષી, ચિંતન ચૌધરી, નીલ પટેલ અને ધવલ ઠાકરને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમજ ભવિષ્યમાં આંતર યુનિવર્સિટી કક્ષાએ પણ કોલેજનું ઝળહળતું પ્રદર્શન કરે તેવી શુભકામના પાઠવી હતી.

## આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં 'બાળ અધિકાર દિન'નું આયોજનઃ-

વર્તમાન સમયમાં તમામ ક્ષેત્રોમાં બાળ-મજૂરી અને બાળકોના અધિકારોના હનનને લગતા કિસ્સાઓ સમયાંતરે પ્રકાશમાં આવે છે ત્યારે સમાજમાં બાળ-અધિકાર પ્રત્યે જાગૃતિ કેળવાય તે હેતુથી ચારુતર વિદ્યામંડળ, વિદ્યાનગર સંચાલિત આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ, માધ્યમિક વિભાગમાં 'બાળ અધિકાર દિન'ની ઉજવણી કરવામાં આવી.

રાષ્ટ્રિય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, નવી દિલ્હી યુનિસેફ તેમજ રાજયના આયોગના સંયુક્ત ઉપક્રમે ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે બાળકોના અધિકારો અંગેનું મટીરિયલ્સ તથા પ્રશ્નપત્રો પૂરાં પાડવામાં આવ્યા જેની શાળામાં કસોટી લેવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય ડૉ. મહેશ સ્ટેલીન દ્વારા બાળ મજૂરીની બદી તથા તેના કારણોની છણાવટ કરવામાં આવી. શાળાના શિક્ષક શ્રી રાજેશ ભટ્ટ તથા ભાવેશ ભટ્ટ દ્વારા બાળકોના અધિકાર, બાળકોની સમસ્યા તથા સરકારશ્રી દ્વારા લેવાતા પગલાં વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. શ્રી ભાસ્કરભાઇ પટેલ તથા શ્રી મહેશભાઇ પટેલના નેતૃત્વ હેઠળ શાળાના તમામ બાળકોની બાળ અધિકાર જાગૃતિના હેતુસર વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સફળ સંચાલન સુપરવાઇઝર શ્રી મહેન્દ્રભાઇ સેવકના માર્ગદર્શન હેઠળ શ્રી દિનેશભાઇ સુથાર તથા શ્રી રાજેશભાઇ દ્વારા કરવામાં આવ્યું હતું.

**ટી.વી. પટેલ હાયર સેકન્ડરી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી. પટેલ હાયર સેકન્ડરી (સામાન્ય પ્રવાહ) વલ્લભવિદ્યાનગરથી ત્રિ-દિવસીય કચ્છ-ભૂજ પ્રવાસ યોજાયો હતો. સંસ્થાના આચાર્યશ્રી વિજયભાઇ સુથારના નેતૃત્વમાં ચારુતર વિદ્યામંડળના સહયોગથી ફાળવવામાં આવેલી બસ

દ્વારા યોજાયેલ શૈક્ષણિક પ્રવાસની શરૂઆત ભૂજમાં, સ્વામિનારાયણ મંદિર-આયના મહલ-પ્રાગજી મહેલ-શારદાબાગ - ગણપતિ મંદિર-દાદા ભગવાન પ્રેરિત ત્રિમંદિર- મ્યુઝિયમ અને ફિલ્મી શૂટિંગના બગીચા, માતાના મઢનું પ્રસિદ્ધ આશાપુરા મંદિર, પૌરાણિક માહાત્મ્ય ધરાવતું નારાયણ સરોવર અન ત્રિકમરાયજી મંદિર, કોટેશ્વર મહાદેવ અને આર્મી કેમ્પ, માંડવી બીચ તેમજ વિજયવિલા પેલેસ, અંબેધામ-ગોધરામાં સંસ્કૃતિધામ, અંજારમાં જેસલતોરલ સમાધિ વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. આ પ્રવાસમાં વલ્લભ વિદ્યાનગર પોલીસ તરફથી પોલીસમિત્ર પણ ફાળવવામાં આવ્યા હતા. સંસ્થાએ આકસ્મિક બનતી ઘટના સમયે સુરક્ષા હેતુસર સૌ વિદ્યાર્થી-ભાઇ બહેનો અને સ્ટાફનો વીમો પણ લીધો હતો. આ શૈક્ષણિક પ્રવાસનું આયોજન સિમિતના કન્વીનર શ્રી હર્ષદકુમાર વાઘેલા, રાજેશભાઇ મેકવાન, નરેન્દ્રભાઇ વ્યાસ, અને ગીતાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. સૌના સહયોગથી વિદ્યાર્થીઓમાં જોવા મળેલ આનંદ-પ્રમોદ સાથે આ પ્રવાસ નિર્વિઘ્ને સંપન્ન થયો હતો. આચાર્યશ્રીએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

**ગો.જો. શારદામંદિર, વલ્લભ વિદ્યાનગરની વિદ્યાર્થિની બાળ કવિ સ્પર્ધામાં રાજ્યકક્ષાએ મેળવેલી સિદ્ધિ**

જીસીઇઆરટી ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણ- આણંદ અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી આણંદ આયોજિત જિલ્લા કક્ષાના કલા ઉત્સવ વર્ષ ૨૦૧૬માં બાળકવિ સ્પર્ધા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.૨, ૪માં યોજાઇ ગઇ. જેમાંગો.જો. શારદા મંદિર વલ્લભ વિદ્યાનગરની ધો.૧૦ની વિદ્યાર્થીની માનસી એન.પટેલે જિલ્લામાં પ્રથમ નંબર મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. ત્યારબાદ રાજ્ય કક્ષાની બાળકવિ સ્પર્ધા તા. ૨૯-૧૧-૨૦૧૬ના રોજ જય જલારામ સ્કૂલ ગોધરા ખાતે યોજાઇ ગઇ. જેમાં માનસી એન. પટેલે ભાગ લીધો હતો. જેમાં તેને ઇનામ સ્વરુપે ટ્રોફી તથા સર્ટીફિકેટ પ્રાપ્ત થયું હતું. રાજ્યકક્ષાએ આવી સિદ્ધિ મેળવનાર માનસી પટેલને શાળાના આચાર્ય રીટાબેન પટેલે તથા સ્ટાફ પરિવારે તેને અભિનંદન આપ્યા હતાં.

**ગો.જો. શારદા મંદિર, (માધ્યમિક)**
**વિશ્વ વિકલાંગતા દિવસની ઉજવણી**

આજરોજ ગો.જો. શારદા મંદિરમાં રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ જિલ્લાનાં મંત્રી સુધાબેન પટેલ (પ્રજ્ઞાચક્ષુ), ઉપપ્રમુખ તથા કટાર લેખિકા સાયકોલોજીસ્ટ મેઘનાબેન જોષી, ટ્રસ્ટી (પ્રજ્ઞાચક્ષુ) રાધાબેન પટેલ તથા શાળાનાં આચાર્યા રીટાબેન પટેલના નેતૃત્વ હેઠળ વિશ્વ વિકલાંગ દિનની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાર્થના થકી કાર્યક્રમની શરૂઆત કર્યા બાદ પ્રજ્ઞાચક્ષુ સુધાબેને વિકલાંગ દિનની ઉજવણી શા માટે કરવામાં આવે છે. વિકલાંગ એટલે શું આપણે વિકલાંગને કેવી રીતે મદદ કરી શકીએ તેની સમજ વક્તવ્ય દ્વારા વિદ્યાર્થિનીઓને આપી વિકલાંગ સમાજને સહકાર, સહાનુભૂતિ, સંવેદના થકી મદદરૂપ થવાની ભાવના વિકસાવવાથી સમજમાં સમાનતા લાવી શકાશે તેમ જણાવ્યું.

સાયકોલોજીસ્ટ મેઘનાબેન જોષીએ પણ વિકલાંગો માટે સમાજના નાગરિક તરીકે આપણે શું કરી શકીએ તેની વાત તેમના જ અનુભવ થકી તબસ્સુમ નામની વિકલાંગ દીકરી સાથે પ્રશ્નોત્તરી દ્વારા સમજાવી હતી. આજે પગથી વિકલાંગ હોવા છતાં તબસ્સુમ તેના મનોબળને આધારે પોતાના પગ પર ઊભી રહેવાનું સ્વપ્ન સેવે છે. આ સાથે શાળામાં અભ્યાસ કરતી ચાર પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની બહેનોનું તથા તબસ્સુમ (આમંત્રિત મહેમાન)નું સન્માન કરી તેમની સિદ્ધિઓને બિરદાવવામાં આવી. આ સાથે શાળાનાં આચાર્યા રીટાબેન પટેલે કાર્યક્રમના અંતમાં મહેમાનો આભાર પ્રકટ કર્યો તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા યુગ્મા શર્માએ કર્યું હતું.

**ખોડિયાર મંદિરે યોજાયેલ હરિહર ભક્તિગીત સ્પર્ધામાં મેળવેલો પ્રથમ નંબર**

ગો.જો. શારદા મંદિર, વલ્લભ વિદ્યાનગરની બહેનોએ તા. ૧૪-૧૨-૨૦૧૬ના રોજ ખોડિયાર મંદિર લાંભવેલ-આણંદમાં ૧૪મી હરિહર ભક્તિગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં પ્રાથમિકથી માંડીને ધો.૧૨ સુધીના ભાઇ-બહેનોએ ભાગલીધો હતો. આ સ્પર્ધામાં ગો.જો. શારદા મંદિર, વલ્લભ વિદ્યાનગરની પ્રાથમિક વિભાગની બહેનોએ પ્રાથમિક વિભાગમાં પ્રથમ નંબર મેળવ્યો હતો તેવી રીતે માધ્યમિક વિભાગની બહેનોએ પણ માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબર મેળવી સંસ્થા તરફતી ટ્રોફી મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. શાળાના આચાર્યશ્રી રીટાબેન પટેલ તથા સ્ટાફ પરિવારે બંને વિભાગની બહેનોને પ્રથમ નંબર મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એરીબાસ કૉલેજ અને જીએસબીટીએમ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ સીએસઆઈઆર નેટ ટ્રેનિંગ કોર્સના ઉદ્‌ઘાટન પ્રસંગે લેવાયેલ તસવીરમાં મંચસ્થ મુખ્ય મહેમાન એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના બોટની વિભાગના ડૉ. ધર્મેન્દ્ર શાહ, એરીબાસનાં નિયામક ડૉ. નિલાંજન રૉય તથા પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. દિગ્વિજય રાણા દશ્યમાન થાય છે. ઈન્સેટમાં સમગ્ર રાજ્યમાંથી એરીબાસ ખાતે ટ્રેનિંગ કોર્સમાં ભાગ લેવા આવેલા તાલીમાર્થીઓ દશ્યમાન થાય છે.




સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય-જૂનાગઢના યજમાન પદે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર કૉલેજ કબડ્ડી સ્પર્ધા-૨૦૧૬માં સીવીએમ સંચાલિત જી.જે. પટેલ આયુર્વેદ કૉલેજના વિજેતા વિદ્યાર્થીઓ ટ્રોફી સાથે દશ્યમાન થાય છે.

V-Vidyanagar 19 (1) January 2017 Postal Regd. No. AND/318/2015-17
Published on Saturday, 24.12.2016 No. of Pages 36 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9609 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month



**The cabinet of India on 31 January 1950,** along with the newly appointed President Rajendra Prasad. (L to R sitting) Dr. B.R. Ambedkar, Rafi Ahmed Kidwai, Sardar Baldev Singh, Maulana Abul Kalam Azad, Jawaharlal Nehru, Dr. Rajendra Prasad, Sardar Patel, Dr. John Mathai, Shri Jagjivan Ram, Rajkumari Amrit Kaur and Dr. S. P. Mukherjee. (L to R standing) Khurshed Lal, R.R. Diwakar, Mohanlal Saksena, N. Gopalaswami Ayyangar, N.V. Gadgil, K. C. Neogy, Jairamdas Daulatram, K. Santhanam, Satya Narayan Sinha and Dr. B. V. Keskar.

Editor: Dr. Urvish Chhaya Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)